।। अर्हं नमः ।।



# દેશપ્રેમ


: લેખક :

મુ. ગુણહંસ વિ.

## દિવ્ય આશીર્વાદ

સચ્ચરિત્ર ચુડામણી, કર્મ સાહિત્ય નિષ્ણાંત, સિદ્ધાંતમહોદધિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના વિનય
ન્યાયવિશારદ સ્વ. પ.પૂ. ગચ્છાધિપતિ **આ. ભુવનભાનુસુરીશ્વરજી** મ.સા.
સિદ્ધાંતદિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂ.આ. **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.
શાસનપ્રભાવક યુગપ્રધાનઆચાર્યસમ પૂજ્યપાદ પ્રં.પ્રવર **ચંદ્રશેખરવિજયજી** મ.સા.

## નિશ્રાદાતા

**પ્રશાંતમૂર્તિ સરલસ્વભાવી ગચ્છાધિપતિ**
**આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
**સરળસ્વભાવી પ.પૂ.આ. શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**

## લેખક

**મુ. ગુણહંસ વિ. મ.સા.**

## પ્રાપ્તિસ્થાન

**પ્રતિકભાઈ શાહ**
**મો. : 93232 29655**

:: **પ્રકાશક** ::

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, અમદાવાદ-૭. **ટેલિ. : ૨૬૬૦૫૩૫૫**

પ્રથમ આવૃત્તિ : ૩૦૦૦ નકલ, ૨૬, જાન્યુઆરી ૨૦૨૨, વિક્રમ સંવત ૨૦૭૮, પોષ વદ ૯

**: Title Design By :**
**Dharm Veer : 917636470  Swarnim Vajawat : 8637438961**

ટાઈપ સેટિંગ : **ક્રિએટીવ પ્રકાશન** – મો. 94287 02617

**મુદ્રક : પાર્શ્વ ઓફસેટ, 'વિનય', ૨/૫, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની પાસે, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧. મો. 94269 72609**

।। अर्हं नमः ।।

# પ્રસ્તાવના

અમુક પુસ્તકોમાં એવી એવી ઘટનાઓ વાંચવા
મળી કે આંખો ભરાઇ ગઇ. અને એ ઘટનાઓ
પણ ઘણા ઓછા લોકોને ખબર...
આવી ઘટનાઓનો સંગ્રહ કરીને આ પુસ્તક
તૈયાર કર્યું છે. **દેશપ્રેમ...**

નામ પ્રમાણે આ પુસ્તકમાં દેશપ્રેમની
અદ્ભુત ઘટનાઓ છે...
અમુક અન્ય પણ...
બાળકોને જરૂર કહેજો.. આ Storyઓ

**ગુણહંસવિજય**

# અનુક્રમણિકા


વિશ્વાસ-ઘાત ? ............................................ ૧

કાચી કેરીનું કચુંબર - પાકી કેરીનો રસ .................. ૧૨

કુછ યાદ ઉન્હેં ભી કર લો ................................ ૨૩

પ્રતિષ્ઠા શૂકરી વિષ્ઠા ...................................... ૩૧

ઝાંસીની રાણી ............................................ ૩૫

...અને બે કમળો બીડાઈ ગયા. ........................... ૫૫

# વિશ્વાસ-ઘાત ?

(**‘આત્માની અદાલત’** પુસ્તકમાં આ એક પ્રસંગ વાંચવા મળેલો, એ અહીં મારી ભાષામાં પણ એ લેખકના શબ્દોમાં રજુ કરું છું. પ્રસંગમાં જે ‘હું’ પ્રથમ પુરુષ આવે, એ તે કથાના લેખક સમજવા...)

૧૯૬૦ થી ૭૦ વચ્ચેના દસેક વર્ષમાં બનેલો આ પ્રસંગ ! **ભારત** અને **ચીન** વચ્ચે સંઘર્ષ શરુ થઈ ચૂકેલો હતો. આપણા જવાનો સરહદ પર જાનના જોખમે ભારતની સુરક્ષા કરી રહ્યા હતા. એ વખતે હું **હિમાલય**ની નજીકમાં જ આવેલા એક નાનકડા શહેરમાં કામ માટે પહોંચ્યો હતો. કેટલાક દિવસો સુધી મારે ત્યાં જ રોકાવાનું હતું.

એક દિવસની વાત...

શિયાળાનો સમય અને હિમાલયની નજીકનો વિસ્તાર... એટલે ઠંડીનું તો પુછવું જ શું ? હું નવેક વાગ્યાના સમયે બે કોટ પહેરીને, મફલર બાંધીને હાથમાં મોજા પહેરીને ધ્રુજતો ધ્રુજતો બહાર કામ માટે નીકળ્યો. મારા બુટ ઘણા સમયથી પોલિસ કરાવવાના બાકી હતા, એટલે બુટપોલિસવાળાને શોધતો હું એક ફૂટપાથ પર પહોંચ્યો. જોયું તો પંદરેક વર્ષની ઉંમરનો છોકરો બુટપોલિસની પોતાની નાનકડી ફોલ્ડીંગ મોબાઈલ દુકાન (!) ખોલીને બેઠો હતો. નીચે ચડ્ડી અને ઉપર થીંગડાવાળો શર્ટ... ન મળે સ્વેટર, મફલર કે બીજુ કંઈ ! ધ્રુજતો ધ્રુજતો પણ એ છોકરો પોતાના ઘરાકોની રાહ જોતો બેઠો હતો. ભારતના કરોડો ગરીબ લોકોનો પ્રતિનિધિ જ ન હોય, એવો એ છોકરો દેખાતો હતો.

મને દયા આવી ગઈ, કેવી કરુણ દશા !

ખેર ! હું બુટપોલિશ કરાવવા એની પાસે પહોંચ્યો. એના ચહેરા પર આનંદ છવાઈ ગયો, રોજીરોટી મળવાની તક ઉભી થઈ ને !

એણે બુટપોલિશનું કામ શરુ કર્યું, હું એકબાજુ ઉભો રહ્યો.

'તારા મા-બાપ છે કે ?'

'મા છે, બાપ નથી. એક નાનો ભાઈ છે.' છોકરાએ જવાબ આપ્યો.

'તો ઘર કેવી રીતે ચાલે છે ?'

'મા લોકોના કામકાજ કરી આપીને કમાય છે, અને હું આ બુટપોલિશ કરીને ! ભણવાનું મારા ભાગ્યમાંથી છિનવાઈ ગયું છે. નાના ભાઈને ભણાવીશું...' થોડાક લાગણીસભર અવાજે એ છોકરો બોલ્યો, એના હાથ તો બુટપોલિશ કરવામાં જ લાગેલા હતા.

ત્યાં તો ***'ભારતમાતા કી જય, ઈન્કલાબ જિંદાબાદ...'***ના નારાઓ સંભળાવા લાગ્યા. મેં એ તરફ જોયું તો આઠેક યુવાનો થોડાક લખાણવાળા બેનરો સાથે ત્યાં ચોક જેવા સ્થાનમાં એકબાજુ ઉભા રહીને નારાઓ લગાવતા દેખાયા. થોડીવારમાં તો ત્યાં બસો-અઢીસો માણસોનું ટોળું ભેગું થઈ ગયું.

એ યુવાનોમાંથી એક યુવાને એ ટોળાને સંબોધન કર્યું. "આપણા જવાનો અત્યારે આપણી રક્ષા માટે સરહદ પર જાનના જોખમે લડી રહ્યા છે. એમને પહેરવાના કપડાની પણ મુશ્કેલી છે, ખાવા-પીવામાં ય તકલીફ છે, અરે ! એમના મા-બાપ, પત્ની, બાળકોનું કોણ ? ભારત સરકાર આપી આપીને કેટલું આપશે ? આપણા બધાની ફરજ છે કે આપણા જવાનોને આપણા તરફથી બનતી મદદ કરવી..."

યુવાનની રજુઆત એકદમ અસરકારક હતી, ઉભેલા બધાના હૈયામાં ઉદારતાની ભાવના પ્રગટી, શિયાળાના કારણે લગભગ બધા જ મફલર-સ્વેટર-કોટ પહેરીને જ નીકળેલા હતા. દરેક જણ પોતપોતાની ભાવના પ્રમાણે ગરમ વસ્ત્રો કાઢી કાઢીને એક જગ્યાએ એકઠા કરવા લાગ્યા. થોડી જ મિનિટોમાં એક મોટો ઢગલો થઈ ગયો.

એ ઉપરાંત લોકોએ પોતાની શક્તિ પ્રમાણે બે-પાંચ રૂપિયા પણ આપવા માંડ્યા. (આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાની આ વાત ! એટલે ત્યારે તો બે-પાંચ રૂપિયા તો ઘણા કહેવાય...)

ભારતીય પ્રજાની આ અદ્‌ભુત લાગણીના દર્શન કરતો હું ત્યાં ઉભો હતો, ત્યાં તો એક અદ્‌ભુત બનાવ બન્યો. પેલા બુટપોલિશવાળા છોકરાએ પોતાનો શર્ટ કાઢી નાંખીને કપડાના ઢગલા પર મૂકી દીધો. હું તો આશ્ચર્ય પામ્યો. એની રાષ્ટ્રભાવના જોઈને મારી આંખમાંથી આંસુ ટપકી પડ્યા. એ ખુલ્લા શરીરે ધ્રુજતો હતો, પણ એના મોઢા પર તો પરમસંતોષની લાગણી તરવરી રહી હતી. હજી મેં મારા તરફથી કોઈ દાન આપ્યું ન હતુ, એટલે જ આ ગરીબની (!) ઉદારતા જોઈ હું તો ગદગદ બની ગયો.

પણ એ આઠેક યુવાનોમાંના એક યુવાને અસભ્ય વર્તન કર્યું. પેલો શર્ટ ઉપાડી લઈ છોકરા તરફ નાંખ્યો. ‘આવા થીંગડાવાળા શર્ટને શું કરવાનો ? લઈ જા પાછો ! અને આ તો સાવ નાનો શર્ટ છે. જવાનો કંઈ આવા શર્ટ થોડા જ પહેરવાના...’

‘પણ એમના ઘરે એમના બાળકો તો હશે ને ! એમને આ શર્ટ કામ આવશે.’ બુટપોલિશવાળા છોકરાએ નમ્રભાવે પોતાની ભાવના દર્શાવી, પણ પેલા યુવાને એની વાત ધુત્કારી કાઢી.

મને આ બિલકુલ ન ગમ્યું, મારું લોહી ઉકળી ગયું. હું આગળ આવ્યો, એ છોકરાના હાથમાંથી શર્ટ લઈ, વચ્ચોવચ આવી શર્ટને ઉંચો કરીને મેં કહ્યું ‘ભાઈઓ ! આ સાવ ગરીબ છોકરો પોતાનો એક માત્ર શર્ટ આવી ઠંડીમાં કાઢી નાંખીને જવાનોના બાળકો માટે આપવા તૈયાર થયો છે, એ એની કેટલી મહાનતા ગણાય. આ શર્ટ હવે માત્ર એક થીંગડાવાળો શર્ટ નથી રહેતો, પણ આ છોકરાની પવિત્ર ભાવનાઓના પ્રતિક સમાન ઐતિહાસિક શર્ટ બની રહે છે.

બોલો, આપણે અત્યારે એની હરાજી બોલાવીએ છીએ. જે સૌથી વધુ પૈસા-રૂપિયા બોલશે, એને આ શર્ટ આપી દેવામાં આવશે. આ શર્ટને તો ઘરમાં વર્ષોના વર્ષો સુધી રાખી મુકવો જોઈએ. ભવિષ્યમાં એની કદર થશે. તમે જેટલા રૂપિયા આપીને આ શર્ટ ખરીદ કરશો, એ તમામ રૂપિયા જવાનોને માટે જ વાપરવા આપી દેવામાં આવશે.’

મારી જોરદાર રજુઆતથી લોકો તો એકદમ ઉત્સાહમાં આવી ગયા.

હરાજી શરૂ થઈ ગઈ. અગ્યાર... એકવીસ... એકસો એક... છેલ્લે ૫૦૦ રૂપિયામાં એક બંગાળી બાબુએ હરાજીનો લાભ લીધો. એ તો પોતાની ગાડીમાં ફરવા માટે નીકળેલા, પણ આ અંતિમ દશ્ય જોઈને એમનું હૈયું દ્રવી ઉઠ્યું, એમણે સંકલ્પ કરી લીધો કે 'મારે જ આ શર્ટ ખરીદી લેવો છે...'

ટોળું વિખરાવા લાગ્યું, બંગાળી બાબુએ સો-સોની પાંચ કડકડતી નોટો ગણી આપી. પેલા આઠેક યુવાનો તો ભારે ખુશ થઈ ગયા. બંગાળી બાબુએ બુટપોલિશવાળા છોકરાના માથે પ્રેમથી, હાથ પ્રસાર્યો, એના ખુલ્લા ધ્રુજતા શરીરને જોઈને બાબુ રડી પડ્યા. "દીકરા ! આ શર્ટ તું જ રાખ, પહેરી લે. મારે એનું કામ નથી..."

પણ છોકરો તો જુદી જ માટીનો નીકળ્યો, શર્ટ હાથમાં લઈ પેલા કપડા ભેગા કરતા યુવાનના હાથમાં એ શર્ટ મૂકી દીધો, 'ભાઈ ! જવાનોના કોઈક છોકરાને પહોંચાડજો. અને દસેક મિનિટ ઉભા રહેજો. મારા નાના ભાઈને પુછી આવું, જો એ હા પાડે, તો એનું શર્ટ પણ તમને આપી દઉં.'

અને અમે એને અટકાવીએ, એ પહેલા તો એણે ખુલ્લા શરીરે દોટ મૂકી, હું સ્તબ્ધ થઈ ગયો. આ તે કેવી ગજબની રાષ્ટ્રભાવના ! એ પણ આવા નાનકડા, ગરીબડા છોકરામાં ! વાહ રે વાહ મહાન ભારત !

પણ વિધાતાને કંઈક જુદુ જ મંજુર હતું, દોડતો એ છોકરો દૂર પહોંચ્યો, ચાર રસ્તા પાસે ક્રોસ કરતો હતો, ત્યાં જ ગાડીની અડફેટમાં આવી ગયો, ઉત્સાહમાં ને ઉત્સાહમાં છોકરાએ સિગ્નલનું-ટ્રાફિકનું ધ્યાન ન રાખ્યું.

મેં દૂરથી જોયું, માણસોનું ટોળું ભેગું થતું જોયું... હું એ છોકરા પ્રત્યેની લાગણીથી દોડ્યો, ઘટનાસ્થળે પહોંચ્યો. પણ ખેલ ખતમ થઈ ચુક્યો હતો, છોકરાએ પ્રાણ છોડી દીધેલા, એના નિર્દોષ ચહેરા પર હજી પણ પ્રસન્નતાની, ઉત્સાહની રેખાઓ તરવરતી મને સ્પષ્ટ દેખાઈ. મારી આંખો, હૈયું વેદનાથી ભરાઈ ગયા.

પોલીસ આવી, લાશ લઈ ગઈ, લોકો વિખેરાતા ગયા, હું પણ ભાંગેલા હૈયે ધીમા પગલે એ સ્થાન છોડીને ચાલતો થયો.

એક હોટલની નીચેથી પસાર થતો હતો, ત્યાં જ હોટલના પહેલા માળેથી મારા ઉપર અચાનક એક કપડું પડ્યું. મેં જોયું... 'આ તો પેલા છોકરાનો જ શર્ટ ! જે એણે પેલા આઠેક યુવાનોને ભારતીય જવાનોના કોઈક બાળકને માટે દાનમાં આપેલો હતો...'

ત્યાં તો મારા કાને ખડખડાટ હસવાના અવાજ અથડાયા. હા ! એ પેલા આઠ યુવાનો જ હોટલના પહેલા માળે બેસીને ખૂબ હસતા હતા.

એમાં એક યુવાન મોટેથી બોલ્યો,

"આજે તો જલસા થઈ ગયા, પેલા ગાંડાએ છોકરાના શર્ટની હરાજી બોલાવી, અને બુદ્ધિના બારદાન બંગાળીએ ૫૦૦ રૂ. આપી દીધા, ચાલો ! આપણે તો મોટી કમાણી થઈ ગઈ. આ આપણા દેશના લોકોને લાગણીના બહાને લુંટવા ખૂબ સહેલું છે. બિચારાઓ કશી તપાસ વિના બધું આપી દેવા તૈયાર થઈ જાય.

અરે ! આ કપડા પણ ખાસ્સા ભેગા થઈ ગયા છે.

"પણ પેલો શર્ટ તેં કેમ ફેંકી દીધો ?" એક યુવાન બોલ્યો.

"તો શું એની પૂજા કરું ? આવા થીંગડાવાળા કપડા કોણ ખરીદવાનું ? આપણે કંઈ દાન-ધરમ કરવા નીકળ્યા નથી... બુદ્ધુ !"

"ખબર પડી ? હું છેલ્લે આ કપડા ભેગા કરતો હતો, ત્યારે જ એ છોકરાનો ચાર રસ્તા પાસે અકસ્માત થયો, બિચારો મરી ગયો..." એક બીજો યુવાન બોલ્યો.

"બિચારો..." એક યુવાને ચાળા પાડ્યા. "મરવા દો સાલાને ! ભારતમાં આમ પણ વસ્તી ઘણી વધી ગઈ છે, ઘટે એ સારું જ છે..."

મારા કાનમાં પ્રત્યેક શબ્દો ખીલાની જેમ અથડાતા હતા, મારા રૂંવાડે

રૂંવાડે ખુન્નસ ઉભરાવા લાગ્યું. એ આઠેયને મારી મારીને અધમુઆ કરી નાંખવાનું મન થઈ આવ્યું, પણ હું પણ શું કરું ? હું એકલો હતો, બધાને મારવાની મારા એકલામાં તાકાત જ ક્યાં હતી ?

મારી અસહાયદશા માટે અનરાધાર આંસુ ટપકવા લાગ્યા. એ બાળકે આપેલો ભોગ કેટલો બધો ઉત્કૃષ્ટ હતો, અને આ યુવાનોની કેટલી બધી હલકાઈ હતી... એ વિચાર કરી કરીને હું વધુ ને વધુ દુઃખી થતો ગયો.

આ પ્રસંગ બાદ મેં નિર્ણય કર્યો કે "જેટલી કિંમત રાષ્ટ્રપિતા **ગાંધીજી**ના ચશ્માની છે, જેટલી કિંમત **મહારાણા પ્રતાપ**ના બખ્તરની છે, જેટલી કિંમત **ભગતસિંહ**ની ટોપીની છે... એટલી જ, કદાચ એના કરતા પણ વધારે કિંમત આ છોકરાના શર્ટની છે. અને માટે જ જો એ ચશ્મા, બખ્તર, ટોપી શહેરોના સારામાં સારા મ્યુઝિયમમાં લાખો લોકોના દર્શન-પ્રદર્શન માટે મુકવા લાયક ગણાઈ હોય, તો એ જ સ્થાને આ શર્ટ પણ મુકાવો જ જોઈએ. એની નીચે એનો ઈતિહાસ લખાવવો જ જોઈએ. હું આટલું કરી શકું તો જ એ બાળકને મેં યોગ્ય ન્યાય આપ્યો કહેવાય."

આ નિર્ણય બાદ હું એ શર્ટ લઈને મોટા મોટા સરકારી મ્યુઝિયમોમાં ફર્યો, એના મોટા મોટા માણસોને મળ્યો, આ બધા મોટા માથાઓ તો સમય પણ શેના આપે ? પણ હું ચીકણા ગુંદરની માફક દરેકને ચોંટ્યો... મેં બધાને પેલો શર્ટ બતાવ્યો, હા ! ધોયા વિનાનો, એવો ને એવો, મેલો ઘેલો, થીંગડાવાળો... જેવો પેલા છોકરાએ આપેલો હતો તેવો જ બતાવ્યો ! એ ધોઈ નાંખીને એના પવિત્ર મેલને, એની સુગંધને હું ગુમાવવા માંગતો ન હતો...

પણ એ શર્ટ જોઈને જ બધા ભડકતા, મોઢું બગાડતા, 'What is this?' એમ વળી વિદેશી ભાષામાં એ દેશી અંગ્રેજો અણગમા સાથે મારું મોઢું તોડી નાંખતા...

પણ હું આ બધી તૈયારી સાથે જ જતો હતો, બિલકુલ મગજ ગુમાવ્યા વિના ઉતાવળો થયા વિના હું જવાબ વાળતો... 'It is an Indian Flag.'

તેઓ બાઘાની જેમ મારી સામે જોઈ રહેતા, ‘આ શર્ટ ભારતનો ધ્વજ છે... ધ્વજને વંદન કરો...’ આ મારી વાત એમને અટપટી લાગતી.

પછી હું લાગણીસભર ભાષામાં એ શર્ટનો ઈતિહાસ વર્ણવતો, મારી આંખોમાં દર વખતે આંસુ ઉભરાઈ જતા, મારી લાગણી એ મોટા માથાઓને થોડી-ઘણી પણ સ્પર્શી જતી, તેઓ મને વિચારીને જવાબ આપવાનું કહેતા, મને આશા બંધાતી કે “કોઈક સારા મ્યુઝિયમમાં હું આ શર્ટને અને એના ઈતિહાસને સ્થાન અપાવી શકીશ.”

પણ મારી કથાના શ્રવણથી ઉત્પન્ન થયેલી લાગણી રૂપી મીઠું પાણી, અહંકાર-વિદેશીનીતિ - પૈસા ખાઉં નીતિ... વગેરે રૂપી ખારા સમુદ્રમાં બિચારું ક્યારનુંય પોતાનું અસ્તિત્ત્વ ગુમાવી બેઠું હતું.

એટલે કે બધેથી મને નિરાશા જ મળી.

છેવટે મને ય હતાશા ઘેરી વળી. દિવસો, અઠવાડિયાઓ, પખવાડિયાઓ, મહિનાઓ અને વર્ષો વીતી ગયા... હું એ શર્ટને ન્યાય ન આપી શક્યો.

છેવટે એ બધા પ્રયત્નો પડતા મૂકીને મેં એ શર્ટને મારા જ ઘરમાં એક સુંદર કબાટમાં, કાચ વાળા કબાટમાં વ્યવસ્થિત લટકાડી દીધો, નીચે એનો ઈતિહાસ લખીને કાગળ ચોંટાડી દીધું, રોજ સવાર-સાંજ એ શર્ટને વંદન કરું છું. મારા ઘરે જે કોઈ નવા લોકો, મહેમાનો આવે, એ સૌ આ શર્ટ વિશે મને અચૂક પ્રશ્ન કરે જ... અને એ સૌની આગળ આંખે દેખેલો ઈતિહાસ વર્ણવી હું સંતોષ માનું છું.

એ પછી મેં આ આખો લેખ લખીને છપાવી પણ દીધો, એક જ ભાવના ! બસ ! જેટલા લોકો આ વાંચશે, કમ સે કમ એટલા લોકો તો એ બાળકના બલિદાનને બિરદાવશે ને ! કમ સે કમ એટલા લોકોમાં તો એ બાળક આદર્શમૂર્તિ તરીકે કંડારાશે ને !

પેલા યુવાનોને પણ શી ગાળ દેવી ? શું દોષ એ બિચારાઓનો ? ભગવાન એમને સદ્બુદ્ધિ આપે, સદ્ભાવના આપે, પશ્ચાત્તાપ આપે એ જ

એકમાત્ર પ્રાર્થના !

આશરે ચાલીસેક વર્ષ પૂર્વે બનેલી આ ઘટનાને **વિરતિદૂત**માં છાપવાની શી જરૂર ? વિરતિદૂત તો સાધુ-સાધ્વીજીઓ માટે છે, એમાં વળી આ રાષ્ટ્રભાવનાનો પ્રસંગ શા માટે ? આવો પ્રશ્ન કદાચ કોઈકને થાય.

પણ જો ઉંડાણથી ચિંતન કરતા હશો, તો આ પ્રસંગ પણ આપણા માટે પણ એકદમ જ ઉપયોગી બની રહેશે.

જ્યારે મેં વાંચ્યો, ત્યારે મને તો ખૂબ જ ગમ્યો અને પછી તરત વિચાર આવ્યો કે આ આપણને શી રીતે અસર કરે ?'

સાંભળો.

મારા ક્ષયોપશમ પ્રમાણે એની ઉપમા દર્શાવું છું. સાચી લાગે, તો જીવનમાં અપનાવશો, ખોટી લાગે તો મને ભૂલ દેખાડજો.

(૧) ભારતીય જવાનો અને એમનો પરિવાર = સંયમજીવનના નાના-મોટા તમામ શુભયોગો.

(૨) ભારત = આત્મા.

(૩) ચીનના સૈનિકો, શત્રુઓ = દોષો, પાપ કર્મો.

(૪) ફાળો ઉઘરાવવા નીકળેલા આઠેક યુવાનો = આપણે બધા સંયમીઓ.

(૫) ફાળો આપનાર ભારતીયો, પેલો છોકરો = ભક્તિવાળા શ્રાવક-શ્રાવિકાઓ.

(૬) શર્ટની મહત્તા સમજાવનાર ભાઈ = દીક્ષા મહોત્સવમાં એન્કરીંગ કરનારા વક્તાઓ...

આટલું સામાન્યથી મનમાં ધારી લેવું.

હવે આનો સ્પષ્ટ ભાવાર્થ જોઈ લઈએ.

આપણે સંયમજીવન જીવીએ છીએ, વિહાર-લોચ-તપ-વૈયાવચ્ચ-પ્રતિલેખન વગેરે વગેરે હજારો યોગોનું સેવન કરીએ છીએ, આ સંયમયોગોના પ્રભાવે જ આપણે પાપોથી = પાપપ્રવૃત્તિઓથી બચીને રહીએ છીએ. આપણા જીવનમાં કોઈ જ દુષણો પ્રવેશતા નથી. માટે જ એમ કહી શકાય ને ? કે આ સંયમયોગો ભારતની રક્ષા કરનારા સૈનિકો જેવા છે.

પણ એ સૈનિકોને પગાર = ભોજન, પાણી વગેરે તો પૂરું પાડવું જ પડે ને ? નહિ તો તો સૈનિકો ઢીલા પડી જાય, મરી જાય.

એમ આ સંયમયોગોને ટકાવવા માટે સંયમીઓને ઉપાશ્રય-ગોચરી-પાણી-દવા... વગેરે વગેરે અનેક વસ્તુઓની જરૂર પડવાની જ.

પેલા આઠેક યુવાનો જેમ ફાળો-ઉઘરાવવા નીકળ્યા, તેમ આપણે પણ બધાની પાસે ગોચરી-પાણી-વસતિ-દવા આદિની યાચના કરીએ છીએ, જાણે કે કહીએ છીએ કે 'તમે અમને આ બધું પૂરું પાડો, અમે એ બધું સંયમયોગોને પહોંચાડશું, અર્થાત્ અમારા સ્વાર્થ માટે, ભોગ-જલસા માટે એનો ઉપયોગ નહિ કરીએ, પરંતુ અમારા સંયમયોગોની રક્ષા માટે જ અમે તમારા આપેલા દરેક પદાર્થોનો ઉપયોગ કરશું.'

પ્રસ્તુત વાર્તામાં તો પેલા આઠે ય યુવાનો હલકી કોટિના હતા, પરંતુ અહીં આપણા જેવા સંયમીઓએ એમના જેવા બનવાનું નથી. જેમ સારા યુવાનો ફાળો ઉઘરાવીને જવાનોને સારી રીતે પહોંચાડે છે, એમ આપણે શ્રાવક-શ્રાવિકાઓ પાસેથી ગોચરી-પાણી વગેરે રૂપ ફાળો ઉઘરાવીને સંયમયોગોનું સારામાં સારી રીતે પોષણ કરવાનું છે.

પણ જો આપણે હલકા યુવાનો જેવા બનીએ તો ? તેઓએ જવાનોના નામે ફાળો ઉઘરાવી બેઈમાની કરી, એમ જો આપણે શ્રાવક-શ્રાવિકાઓ પાસેથી સારામાં સારી અનુકૂળતાઓ મેળવ્યા બાદ સારું સંયમ ન પાળીએ તો ? સંસારીઓ તો એમ જ સમજે છે કે 'આપણે એમના ગોચરી-પાણી-વસતિ વગેરેનો ઉપયોગ કરીને સારામાં સારું સંયમ પાળશું.' પણ એને બદલે

આપણે પ્રમાદને વશ બનીને શિથિલજીવન જીવતા હોઈએ તો ?

આ શ્રાવક-શ્રાવિકાઓ આપણા સંયમની વૃદ્ધિ માટે શું આપે છે ? શું આપી ચૂક્યા છે ? એનો હિસાબ તો માંડો. આજે આખા ભારતમાં આપણને રહેવા માટેના ઉપાશ્રયો હજારોની સંખ્યામાં ! એક એક ઉપાશ્રય લાખો-કરોડો રૂપિયાનો ! આ બધા પૈસા સંસારીઓએ આપણા માટે ખર્ચ્યા, ખર્ચે છે.

એમ ગોચરીનો ખર્ચો, પાણીનો ખર્ચો, દવાનો ખર્ચો, ઓપરેશનાદિના જંગી ખર્ચા, ઉપધિ-પાત્રા વગેરે જીવનજરૂરિયાતની વસ્તુઓનો ખર્ચો,... આ બધાનું ગણિત માંડશું, તો લાગશે કે શ્રાવક-શ્રાવિકાઓ ખરેખર આપણા સંયમની વૃદ્ધિ માટે તનતોડ મહેનત કરી રહ્યા છે, લખલૂટ સંપત્તિ ખર્ચી રહ્યા છે.

આ શ્રાવક-શ્રાવિકાઓ પેલો ફાળો આપનારા બસો-માણસોના ટોળા જેવા ભાવિકજીવો છે. એમાં કેટલાક વળી એવા ય છે કે જેઓ પોતે આર્થિક રીતે એવા સદ્ધર ન હોવા છતાં ગમે તે કરીને પણ સંયમીઓની ભક્તિ મન મૂકીને કરે છે... આ વધુ ભક્તિ કરનારા સંસારીઓ પેલા શર્ટ આપી દેનારા છોકરા જેવા છે.

પોતાના બાળકોને ઓછું દૂધ આપીને પણ સંયમીઓનો લાભ લેનારા ગરીબ મા-બાપ અત્યારે છે,... આવા બીજા અનેક દૃષ્ટાન્તો છે.

આપણે શું કરશું ?

આપણે રોજ દસેક કલાકનો સ્વાધ્યાય કરવો જોઈએ, એને બદલે ગૃહસ્થપરિચયમાં, છાપાઓ વાંચવામાં, વધુ પડતું ઉંઘવામાં, પ્રોગ્રામો સાચવવાની નિરર્થક દોટમાં આપણે સ્વાધ્યાયને ન આચરીએ તો ?

આપણે શક્તિ પ્રમાણે એકાસણાદિ તપ આચરવો જોઈએ. છતાં મન લલચાય, અને આપણે નવકારશીમાં બેસી જઈએ, ત્રણ ટાઈમ ખાવું-જીભને સંતોષવી જ નહિ, પણ પોષવી, ભાત ભાતની વસ્તુઓમાં લપેટાઈ જવું, ગોચરીના દોષોની પણ એ માટે સરિયામ ઉપેક્ષા કરીએ તો ?

આ કાળમાં શક્ય એટલું પણ સારું જીવન જો આપણે ન જીવીએ, તો શું આપણે પેલા આઠ રાષ્ટ્રદ્રોહી, સ્વાર્થી, લુચ્ચા યુવાનો જેવા તો નહિ બની જઈએ ને ?

આપણી દીક્ષાના દિવસે ઉપકરણોની ઉછામણી બોલનાર વક્તાએ હજારો લોકોને દરેકે દરેક ઉપકરણની કેવી સુંદર મજાની સમજણ આપી હતી, 'આ દરેક ઉપકરણોનો આ નૂતન દીક્ષિત શું શું ઉપયોગ કરશે ?' એ માટે કેટલું બધું સમજાવ્યું હતું. એ સાંભળીને આનંદ પામેલા લોકોએ હજારો-લાખો રૂપિયાની બોલી બોલીને ઉપકરણો વહોરાવેલા... હવે એ ઉપકરણોનો આપણે એ જ રીતે બરાબર સમ્યગ્ ઉપયોગ કરીએ છીએ ખરા ? મુહપત્તીનો ઉપયોગ બોલતી વખતે રહે છે ખરો ? ઓઘા દ્વારા પુંજવા-પ્રમાર્જવાનું કામ બરાબર કરીએ છીએ ખરા ?.... આવું દરેક ઉપકરણો માટે આપણે વિચારવાનું છે.

આ સત્યઘટનાના પેલા યુવાનો પ્રત્યે આપણને ખીજ ચડે છે, તો આપણે બીજાઓને માટે ખીજપાત્ર બનતા નથી ને ? એ ખાસ ખાસ વિચારી લેવું પડશે.

ટુંકમાં 'આ સંયમીઓ અમે આપેલી દરેક વસ્તુનો ઉપયોગ સંયમના પોષણ માટે જ કરે' એવો જે વિશ્વાસ ગૃહસ્થોએ આપણા ઉપર મુક્યો છે, એનો ઘાત ન થઈ જાય, એ માટેની જવાબદારી આપણે સૌએ નિભાવવાની છે.



# કાચી કેરીનું કચુંબર - પાકી કેરીનો રસ

***"जब प्यार किया तो, डरना क्यां...."*** અત્યંત સુરીલા કંઠે બાર-ચૌદ વર્ષનો એક છોકરો ગાઈ રહ્યો હતો. ગળામાં ભેરવેલી હતી ભંગાર થઈ જવા આવેલી વાજાપેટી ! એક શહેરની ફૂટપાથ ઉપર રહેનારો એ અનાથ છોકરો પેટ પૂરવા માટે, ગુજરાન ચલાવવા માટે આ ગીતો ગાવાનું કામ કરતો હતો.

બિચારાને ખબર ન હતી કે એના મા-બાપ કોણ ? કેવી રીતે પોતાનો ઉછેર થયો, એ ય એને સમજાતું ન હતું, પણ સમજણો થયા બાદ ગમે તે રીતે આવો કામધંધો શોધીને પેટ પૂરી લેતો હતો.

એના ગળામાં ગજબની મીઠાશ હતી, આંગળીમાં ભગવાને કોઈક અદ્વિતીય કળાનો પ્રવેશ કરાવી દીધો હતો. એટલે જ જ્યારે એ ગાતો, વગાડતો... ત્યારે ઘણા લોકો ભેગા થઈ જતા, સાંભળતા... અને પછી ખુશ થઈને પાંચકો-દસકો... આપતા, એ જ એની કમાણી ! એ જ એની મૂડી ! એ જ એની આજીવિકા !

આજે પણ એ જ રીતે એણે પીક્ચરના ગીતો ગાયા, ખુશ થયેલા લોકોએ સિક્કાઓ નાંખ્યા, પેલો અનાથ છોકરો ફટાફટ એ સિક્કા એકઠા કરવા માંડ્યો.

અચાનક એ જે સિક્કો લેવા જતો હતો, એના ઉપર કોઈકનો ચંપલવાળો મજબુત પગ પડ્યો, જાણે કે છોકરાને સિક્કો લેવાનો ધરાર ઈન્કાર ન કરતો હોય... છોકરાએ મોઢું ઉંચુ કર્યું, સામે ૪૫ વર્ષની આસપાસની ઉંમર ધરાવતા એક ભાઈને જોયા, એમના મોઢા પર ઉદ્વેગ-ઉદાસીનતા છવાયેલી લાગી. છોકરો ગુસ્સે થઈ ગયો, 'પૈસા મારા છે, તમે કેમ અટકાવો છો મને ?'

'છોકરા ! પૈસા તારા, એની ના નથી. પણ તું આવા નકામા પીક્ચરના ગીતો કેમ ગાય છે ? ભગવાનના ભજનો ગા ને ?' પેલા ભાઈએ લાગણીસભર સૂચના કરી.

'ભજન ગાવા બેસું ને, તો ભોજન ન મળે... તમે તમારું કામ કરો, મને મારું કામ કરવા દો...'

પેલા ભાઈએ તરત પગ હટાવી દીધો, લોકો તો કાર્યક્રમ પૂરો થયેલો જાણીને રવાના થવા માંડ્યા. બે જ મિનિટમાં આખો એરિયા ખાલી થઈ ગયો, રહ્યા માત્ર પેલા બે જણ ! સંગીતકાર છોકરો અને પૈસો દબાવનાર ભાઈ !

એ ભાઈ છોકરા પાસે ગયા, અને ખૂબ જ મીઠા શબ્દો સાથે વાર્તાલાપ શરુ કર્યો.

'દીકરા ! મારે તારી સાથે કેટલીક વાત કરવી છે, જો સામે, રોડની પેલી બાજુ જો. પેલો કુતરો દેખાય છે ને ! રોટલી ખાતો કુતરો ! તારામાં અને એનામાં શું ફરક ?'

'કેમ ?'

'એ કુતરો પણ પેટ ભરવા માટે બીજાની સામે પુંછડી પટપટાવે છે, અને એ રીતે, બધાને ખુશ કરે છે. તો તું ય માત્ર પેટ જ ભરે છે ને ? અને એ માટે જ માત્ર આ નકામા લોકોને ખુશ કરવાના ધંધા કરે છે ને ? તો તું કુતરા જેવો ન ગણાય ?'

'હા ! પણ હું બીજું શું કરું ?' છોકરો મુંઝાયો, છતાં કંઈક નમ્ર બનીને બોલ્યો.

'દીકરા ! તારી પાસે મહાન શક્તિ છે. મેં ઘણીવાર તારો મધુર સ્વર સાંભળ્યો છે. તને આ કુદરત તરફથી મળેલી ભેટ છે. હું આ સામેની જ ફૂટપાથ પર ટોપલાઓ વેંચવાનો ધંધો કરું છું. તારી જેમ હું પણ ગરીબ-અનાથ જ હતો, પણ પગ પર ઉભો થયો. ભલે ઝુંપડા જેવા, પણ મારા

પોતાના ઘરમાં રહું છું. એકલો છું, કોઈ મારું નથી, હું કોઈનો નથી. હવે તો જુવાની પણ અસ્ત થવા આવી.

પણ દીકરા ! તને જોઈ જોઈને મને ઉમળકો થતો હતો,'આ રત્ન બિચારું માટીમાં ને માટીમાં જ રગદોળાઈ જશે...' એવું મને લાગ્યા કરતું હતું. એટલે આજે તારી પાસે આવ્યો છું. મારે એક પિતા બનીને તારું ભવિષ્ય ઉજાળવું છે. તું મને બાપ તરીકે સ્વીકારીશ ?'

એ ભાઈની આંખોમાં ટીપા બાઝી ગયા, હાથ છોકરાના માથે વહાલથી ફરવા લાગ્યો. છોકરો તો જીંદગીમાં પહેલીવાર કોઈકના વાત્સલ્યનું ભોજન કરી રહ્યો હતો, એ તો પાણી પાણી થઈ ગયો.

'બાપુજી ! આજથી તમે જ મારા... (છોકરાનું ગળું રુંધાઈ ગયું...) તમે જેમ કહેશો, તેમ હું કરીશ, હું આ નાટક-બાટક છોડી દઈશ.'

'જો દીકરા ! મારે તને મહાન સંગીતકાર બનાવવો છે, પણ એ માટે પહેલા તારે શિક્ષિત બનવું પડશે. હું અભણ છું, પણ ભણતરની કિંમત સમજું છું. હું તારા માટે હવે મહેનત કરીશ. ટોપલા તૈયાર કરવાનો મારો પરિશ્રમ દોઢો-બમણો કરી નાંખીશ. આ હથેળી તો વાંસના ટોપલાઓ બનાવવામાં ઘણીવાર લોહીથી ખરડાઈ છે. બરછટ બની છે, પણ ફીકર નહિ...'

અને બીજા દિવસથી એ ફુટપાથ ખાલી થઈ ગયો. છોકરો પોતાના નવા માનેલા બાપુજીની સાથે રહેવા લાગ્યો.

નવા બાપે એને સ્કુલમાં દાખલ કર્યો, પેટે પાટા બાંધ્યા. હવે એણે બે જણાના પેટ ભરવાના હતા, અને દત્તક દીકરાનો સ્કુલ-ચોપડા વગેરેનો ખર્ચો વધારાનો ! આ બિચારાને કોઈક દાન આપનાર પણ કોણ મળે ? વળી ખુમારીથી ભરેલો આ બાપ હાથ લંબાવવા તૈયાર નહિ. ગરીબાઈમાં પણ અમીરાઈ ચળકતી હતી.

છોકરો મોટી ઉંમરે પહેલા ધોરણમાં નાના છોકરાઓ સાથે શરમ મૂકીને, મશ્કરી સહન કરીને ય ભણવા લાગ્યો. બાપનું પ્રોત્સાહન, પોતાનો

ઉત્સાહ, બુદ્ધિ સતેજ... અને છોકરો એક પછી એક ધોરણ વટાવતો જ ગયો.

એક સોનાના દિવસે...

'બાપુજી, બાપુજી !' બુમ પાડતો છોકરો હાથમાં એક કાર્ડ લઈને પોતાની સ્વર્ગ જેવી ઝુંપડીમાં પ્રવેશ્યો. પંચાવનની ઉંમરે પહોંચેલો બાપ ટોપલા બનાવી રહ્યો હતો, દીકરો એ જોઈને પળવાર માટે થંભી ગયો, બાપુના ઉપકારને નજર સમક્ષ જોઈને થીજી જ ગયો.

'બોલ, બેટા ! કેમ આજે આટલો બધો આનંદમાં ?'

'બાપુજી ! હું S.S.C.માં પાસ થઈ ગયો.' ભાનમાં આવીને દીકરાએ જવાબ દીધો. ઘણા વર્ષો પૂર્વે તો S.S.C.નું મહત્ત્વ ઘણું જ વધારે હતું. દીકરાએ બાપના હાથમાં રીઝલ્ટ મૂકી દીધું.

અભણ બાપ રીઝલ્ટમાં તો શું વાંચી શકે ? પણ 'મારી મહેનત લેખે લાગી.' એ વિચારથી બાપ દીકરાને ભેટી પડ્યો, એના આંસુઓ એ જ એની વાણી બની ગઈ.

'હજી તો આ પાયો નંખાયો છે.' બાપ બોલ્યો. 'મને ખબર છે કે તને સંગીત ખૂબ જ ગમે છે, અને મારે પણ તને મહાન સંગીતકાર બનાવવો જ છે. હવે તારે ભણતરની સાથે સંગીતકળા પણ શીખવાની છે.'

'પણ, એનો ખર્ચો તો વધશે ને ? એ કોણ આપશે ?'

'તારા બાપુના હાથ હજી તો સશક્ત છે. તું ફિકર ન કર. હું હજી વધારે મહેનત કરીશ.'

અને એક શુભ દિવસે છોકરો-યુવાન સંગીતકળા શીખતો થઈ ગયો. એમાં તો આમ પણ એને God-Gift હતી, એટલે બહુ જ ઝડપથી એક પછી એક શિખર સર કરતો ગયો.

એક મહામંગલકારી દિવસે

દીકરાએ બાપના હાથમાં ટીકીટ મૂકી,

'આ શું છે, બેટા ?'

'બાપુજી ! આપ જ કલ્પના કરો ને ?' પ્રસન્ન પુત્ર બાપને મીઠી મુંઝવણ આપે છે.

'મને શું ખબર પડે ? તું જ બોલી નાંખને ?'

'બાપુજી ! ભારતના રાષ્ટ્રપતિ તરફથી મને સંગીતકાર તરીકેનો મોટો રાષ્ટ્રીય એવોર્ડ મળવાનો છે. આ સામે જ જે નવું થિયેટર બનેલ છે, એમાં આ પ્રોગ્રામ ગોઠવાયો છે. રાષ્ટ્રપતિ ખુદ આવવાના છે. બે હજાર ટીકીટો ફાળવવામાં આવી છે, પડાપડી થાય છે. આમંત્રિતો મારી પ્રશંસા કરશે, પછી રાષ્ટ્રપતિ મને એવોર્ડ આપશે, છેલ્લે મારે સંગીતપ્રોગ્રામ આપવાનો...

બાપુજી ! હું તો ભારતનો હીરો બની ગયો, એ માત્ર ને માત્ર તમારા પ્રતાપે ! એ અનાથ ફુટપાથ પર નાચનારાને આપે હાથ પકડીને બચાવી ન લીધો હોત, તો હું આજે ગરીબ-ભિખારી જ હોત.

આ ટીકીટ છે, મુખ્ય આમંત્રિત મહેમાન તરીકેની ! મારે તો વહેલા પહોંચી જવું પડશે, એટલે તમને આ ટીકીટ આપી રાખું છું. સૌથી આગળની હરોળમાં તમારે બેસવાનું છે.'

એ વખતે ૬૦ વર્ષની પાકટ ઉંમરે પહોંચેલો, વર્ષોની દોઢી-બમણી મહેનતના કારણે વધુ ઘરડો થઈ ગયેલો લાગતો એ ડોસો હર્ષના આંસુ સારી ખૂબ રડ્યો. એ પાલક પિતા અને પાલ્ય પુત્ર વચ્ચેનો સ્નેહસંબંધ સગા બાપ-દીકરા કરતા ય ઘણો વધારે થઈ ગયો હતો.

પંદરેક વર્ષ પહેલા જે ફૂટપાથ ઉપર આ બાપ-દીકરાનું મિલન થયેલું, એની સામેની બાજુ જ મોટો હોલ તૈયાર થઈ ગયેલો હતો, એ જ હોલમાં આ સન્માન સમારંભનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલો.

જૂના-સાદા છતાં ચોક્ખા વસ્ત્રો પહેરીને પાલક પિતાએ જ્યારે

ટીકીટચેકરને મુખ્ય મહેમાનો માટેની ટીકીટ બતાવી, ત્યારે એ ય આશ્ચર્ય પામ્યો, 'આ ગરીબ જેવો લાગતો માણસ આવા મોટા સમારંભમાં વળી મુખ્ય મહેમાન શી રીતે ?' પણ એણે કશું બોલ્યા વિના ઉચિત જગ્યા બતાવી દીધી.

હોલ ભરાઈ ગયો, સ્ટેજ પર સંગીતકાર દીકરો, રાષ્ટ્રપતિ વગેરે યોગ્ય સ્થાને ગોઠવાઈ ગયા. છોકરાએ પ્રેક્ષકોમાં બાપાને શોધી લઈ સ્ટેજ પર બેઠા બેઠા જ વંદન કર્યા. લોકો એની ચેષ્ટા નિહાળી ચકિત થઈ ગયા. દીકરાએ નિર્ણય કરી લીધેલો કે "પ્રોગ્રામને અંતે હું આ જનતાસમક્ષ મારી જીંદગીની કિતાબ ખુલ્લી મુકીશ, મારા ઉપકારી પિતાને ઉભા કરીશ. ત્યારે જ એમને સ્ટેજ પર બોલાવીશ, એમના પગમાં પડીશ, મને મળેલ એવોર્ડ એમને સોંપી દઈશ."

બધાને સરપ્રાઈઝ આપવા માટે જ દીકરો મૌન રહ્યો, માટે જ એણે બાપુજીને એમની મેળે જ એકલા આવવા દીધેલા.

પ્રોગ્રામ શરુ થયો, જુદા જુદા વક્તાઓ પ્રશંસાના પુષ્પો વેરતા ગયા, છેલ્લે રાષ્ટ્રપતિએ પણ હાર્દિક અનુમોદના કરી અને યુવાનને એવોર્ડ અનાયત કર્યો. ચિક્કાર ફોટાઓ પાડવામાં આવ્યા. યુવાનના ગળે હાર પહેરાવવામાં આવ્યો, તાળીઓના ગડગડાટ સાથે ૨૦૦૦ પ્રેક્ષકોએ યુવાનને વધાવી લીધો.

આજે એ સંગીતકારનો પોતાના જીવનનો શ્રેષ્ઠતમ દિવસ-સમય ઉગી ચૂક્યો હતો. એણે તરત પોતાના બાપુજીનો આનંદ જોવા માટે એમની ખુરશી તરફ નજર કરી, તો એ ચોંકી ઉઠ્યો, ખુરશી ખાલી હતી.. ઠેઠ દરવાજા સુધી નજર દોડાવી, પણ બાપુજી ન દેખાયા.

હા ! દીકરાનો આટલો બધો અદ્ભુત વિકાસ જોઈને એમનું હૈયું એટલું બધું ભરાઈ આવ્યું કે હીબકા ભરી ભરીને રડવા લાગેલા. 'આજુ બાજુ બેઠેલાઓમાં કેવું બેહુદું લાગે ?' એ વિચારે બાપુજી શક્ય એટલા ઝડપી પગલે હોલ છોડીને બહાર ચાલી નીકળ્યા. પોતાની પંદર વર્ષની અથાગ મહેનતનું આવું અદ્ભુત ફલ મળતું હોય, તો કોને ન ગમે ? કોણ હર્ષાશ્રુ

ન વહાવે ?

રસ્તો ઓળંગી, સામેની બાજુ પહોંચી, હોટલમાં ખુરશી પર બેઠા. આ એ જ જગ્યા હતી, જ્યાં ૧૫ વર્ષ પૂર્વે ૧૨-૧૪ વર્ષના છોકરાને સાચી સલાહ આપીને એને આજે એક મહાન માણસ બનાવી દીધો હતો.

બસ, ખુરશી પર બેઠા બેઠા એ ભૂતકાળના વર્ષોની મીઠી સ્મૃતિને આંખ બંધ કરીને એ ડોસો વાગોળી રહ્યો હતો, ત્યાં જ,

'ગરમાગરમ ચા-નાસ્તો લાવું ? ભાઈસા'બ !' મોરલાના ટહુકા જેવો સ્પષ્ટ ધ્વનિ સંભળાયો, ડોસાએ તરત આંખ ઉઘાડી, ઝટ ઝટ આંસુ લુંછી નાંખ્યા, જોયું તો સામે ૧૨-૧૪ વર્ષનો સોહામણો, વહાલો લાગે તેવો મઝાનો છોકરો ઉભો હતો.

'ચા-નાસ્તો લાવું, સા'બ !' એ ફરી બોલ્યો.

એની બોલવાની ઢબ, મોઢા પરનો ઉત્સાહ જોઈ ડોસો ચોંક્યો, 'હા ! લાવ.' જવાબ આપી દીધો, ડોસાને એમ જ લાગ્યું કે ૧૫ વર્ષ પૂર્વેના સંગીતકાર છોકરા જેવો જ આબેહુબ આ છોકરો છે.'

બે-ચાર મિનિટમાં જ છોકરો ચા-નાસ્તો લઈ આવ્યો,

'અરે, છોકરા ! તારા મા-બાપ કોણ ?'

'ખબર નથી...'

'તું આવું કામ કરે છે ? કેમ ભણતો નથી.'

'પેટ ભરવા માટે કામ ન કરું તો બીજું શું કરું ?'

ડોસાએ રોડની સામેની બાજુ નજર કરી, એક કુતરાને રોટલી માટે પુંછડી પટપટાવતો જોયો, ડોસાને ઈચ્છા થઈ આવી કે આ છોકરાને પણ સમજાવું... પણ ડોસો કશું ન બોલી શક્યો. એનો અંતરનો આનંદ વિષાદમાં ફેરવાઈ ગયો. મનોમન ડોસો બોલી ઉઠ્યો.

''આવા તો લાખો બાળકો આ ભારતદેશમાં જીવી રહ્યા છે, જે

ભવિષ્યમાં મહાન રત્ન સમાન બની શકે એમ છે. પણ એ માટે વાંસના ટોપલા તૈયાર કરી શકનારા લાખો હાથ અને હૈયા જોઈશે, એ ક્યાંથી લાવવા ? હવે તો હું અને મારા હાથ થાક્યા છે, નહિ તો આ છોકરા માટે ફરી ટોપલાઓ તૈયાર કરવાની અતિસખત મહેનત કરત.

ભગવાન ! એવા હજારો હાથ તું જ તૈયાર કરજે, જે આ ઉત્તમરત્નોને ખાણમાં માટીની વચ્ચે ખદબદતા ન રહેવા દે, એને બહાર કાઢ, જગપૂજ્ય બનાવ.''

બે હાથ જોડીને ડોસાએ પ્રભુને વિનંતિ કરી.

– x – x –

('આત્માની અદાલત' નામના પુસ્તકમાં ઘણા વર્ષો પુરાણો આ પ્રસંગ જ્યારે મેં વાંચ્યો, ત્યારે જ મને પણ કેટલાક વિચારો ઉદ્ભવેલા.

+ આજે સેંકડો સાધુ-સાધ્વીજી એવા છે કે જેઓ દીક્ષા બાદ દસેક વર્ષ બરાબર મહેનત કરીને ભણે, તો શાસ્ત્રજ્ઞાતા, પરિપક્વ, ધીર, ગંભીર, પુણ્યશાળી, વક્તા બની શકે એમ છે. પણ તેઓને ખુદને જ પોતાની શક્તિનો અંદાજ નથી. એટલે ફૂટપાથ પર નાચ કરવા જેવા સામાન્ય કાર્યો કરી કરીને તેઓ સંતોષ માની લે છે. જે આવે, એને પમાડવા-ઉપદેશ આપવા બેસી જવું, કોઈક વળી થોડું ઘણું પામે તો અહંકારમાં ફુલાઈ જવું, પછી શિષ્ય - શિષ્યા બનાવવાના કામમાં લાગી પડવું, નાના મોટા ફંડ કરી લઈને પોતાને પુણ્યશાળી માનવા મંડવું... વર્તમાનની નાનકડી સફળતાઓ એમના ભવ્ય ભવિષ્યને માટે કસાઈ સમાન બની રહે છે, પણ આ વાત અજ્ઞાન-પ્રમાદને કારણે એમને સમજાતી નથી.

+ પેલા ટોપલા બનાવનારા જેવા પરિપક્વ વડીલો, આ સંયમીઓને પ્રેરણા આપે જ છે કે 'તમે આ સામાન્ય સફળતાઓમાં મોહાઈ-અંજાઈ નહિ જતા. વ્યાખ્યાનો કરતા આવડી ગયા, ચેલા-ચેલીઓના ગુરુ બની બેઠા, ભક્તોના ભગવાન બની બેઠા, સાધર્મિકોના ઉદ્ધારક બની બેઠા, તીર્થના પ્રણેતા બની બેઠા, યશ-કીર્તિ-પ્રશંસાના ભંડાર બની બેઠા... એટલે ભયો

ભયો... આવું બિલકુલ ન માનતા.

આ ઈન્દ્રજાળમાં ભરમાશો મા !

મોહરાજ રૂપી માછીમારે પાથરેલી આ ભેદી જાળમાં માછલીની જેમ ફસાશો મા !

માત્ર દસ વર્ષ અમારી વાત માનો,

ગૃહસ્થો સાથેનો પરિચય સદંતર કાપી નાંખો,

નથી આપવો કોઈને ઉપદેશ !

નથી બોલાવવા કોઈને મળવા !

નથી કરવી કોઈક સાધર્મિકોને સહાય !

નથી કરવો કોઈક તીર્થનો ઉદ્ધાર !

નથી કરવા પ્રવચનો !

નથી લખવા પુસ્તકો !

નથી બનાવવા શિષ્યો !

માત્ર ૧૦ વર્ષ માટે તો થંભી જ જાઓ, પછી કરજો આ બધું ! પછી આ બધું તમારે જ કરવાનું છે, કરવાનું જ છે... તમારા માથે જ આ જવાબદારી છે, તમારું જ આ કર્તવ્ય છે... પણ આજે નહિ.

પહેલા બની જીઓ એકંદરે આચારપાલક સારા સંયમી !

પહેલા બની જાઓ દસ વર્ષની સખત મહેનતથી સાચા શાસ્ત્રજ્ઞાની !

બસ, પછી આવી સામાન્ય સફળતાઓને હાસ્યાસ્પદ બનાવે, એવી સાચી તાત્ત્વિક સફળતાઓના માલિક તમે બનશો.'

પણ કેટલા સંયમીઓ અમારી આ પ્રેરણા સ્વીકારશે ? એ ખબર નથી. અમારી લાંબા ગાળાની યોજના કેટલાના મનમાં ઉતરશે ? એ ખબર નથી.

એ અકાળે, અનધિકારે પરોપકાર કરવાની ગાંડી ચેષ્ટાઓને, છતાં નાની નાની સફળતાઓ અપાવડાવીને લોભાવી દેનારી એ ગાંડી ચેષ્ટાઓને કેટલાઓ છોડી શકશે ? એ ખબર નથી. એ મહોત્સવોમાં - કાર્યક્રમોમાં - પ્રોગ્રામોમાં સ્વજનોના, ભક્તોના પ્રાપ્ત થતા સુંવાળા, લલચામણા, માદક પરિચયોના મિથ્યાનંદને કોણ તરછોડી શકશે ? એ ખબર નથી.

એટલી ખબર ચોક્કસ છે કે જે આમાં સફળ બનશે, તે પેલા છોકરાની જેમ સાચો જિનશાસનનો સુભટ સંયમી બનશે. જે આમાં નિષ્ફળ બનશે, એ જીંદગીભર ફૂટપાથ પર નાંચીને સામાન્ય લોકોને ખુશ કરીને, પાંચકા-દસકા કમાનારો એક સામાન્ય કલાકાર બની રહેશે.

+ કાચી કેરીને કાપી નાંખો, તો કચુંબર થાય, પણ એને પાકવા દો, તો ભવિષ્યમાં એનો કેરીનો મીઠો-મધુરો રસ થાય.

સંયમીઓ જો અપરિપક્વ દશામાં જ પરોપકારી, પ્રવચનકાર, ચોમાસા કરાવનાર, અનેકોના ગુરુ બની બેઠા... તો સમજી લો કે આ બન્યું કચુંબર !

પણ ઉતાવળ કર્યા વિના એમને પાકવા દેવામાં આવે, તેઓ સ્વયં એ પાક માટે ધીરજવાળા બને, તો બની જશે એ કેરીનો રસ !

+ પેલા ટોપલાવાળા ભાઈએ જેમ એક છોકરાને તૈયાર કર્યો. એમ અમે ય અમારી મહેનત પ્રમાણે અમારા પર વિશ્વાસ રાખનારા મુનિઓને તૈયાર કરીએ છીએ, કરી રહ્યા છીએ.

પણ છેલ્લે એ ભાઈ જેમ હતાશ થયા, અને મનોમન બોલી ઉઠ્યા કે "પ્રભુ ! હવે મારા હાથ ટોપલા બનાવવા માટે અક્ષમ છે. તું જ એવા હજારો હાથોનું સર્જન કર."

એમ અમારા જેવા પણ હવે એવી પ્રાર્થના કરે છે કે "પ્રભુ ! હજી સુધી તો મારા હાથ ચાલે જ છે, અને જ્યાં સુધી ચાલશે, ત્યાં સુધી સંયમીઓને તૈયાર કરીશ.

પણ મારી પાસે, મારા પર શ્રદ્ધા મૂકીને આવનારા સમર્પિત સંયમીઓ કેટલા ?

પ્રભુ ! તને એટલી જ વિનંતિ કે 'તું એ હજારો સંયમીઓને એવા સદ્ગુરુની ભેટ કરાવી દેજે કે જે સદ્ગુરુઓ સંપૂર્ણ ભોગ આપીને એમને તૈયાર કરે. એમના સંયમ માટે પોતાની શિથિલતાઓનો, એમના સ્વાધ્યાય માટે પોતાના સમયનો + કાર્યક્રમોનો, એમની પ્રસન્નતા માટે પોતાના કષાયોનો ભોગ આપી દે.'

+ વડીલો માટે, ગુરુઓ માટે ટોપલા બનાવનારો એક મહાન આદર્શ છે. એ માણસ કોઈક સાવ પારકા છોકરા માટે પણ ઘસાઈ છુટે છે. એમ વડીલ સંયમીઓએ માત્ર પોતાના જ શિષ્યો માટે નહિ, પણ જ્યાં જ્યાં શક્ય હોય, ત્યાં ત્યાં બધા માટે ઘસાઈ છુટવું જોઈએ.

***'ભોગ આપવો, ભોગ લેવો નહિ.'*** એ જ આપણું સૂત્ર !

'આખો સંસાર છોડીને અહીં આવનારાઓને સંયમી + જ્ઞાની બનાવવા જ.' એ આપણું લક્ષ્ય !

કેટલા અદ્ભુત કોટિના ઉપદેશો આ નાનકડા પ્રસંગમાંથી આપણને પ્રાપ્ત થાય છે.)



# કુછ યાદ ઉન્હેં ભી કર લો

'એક-બે-ત્રણ... એક-બે-ત્રણ... એક-બે-ત્રણ...' પચાસેક વર્ષની આસપાસની ઉંમરના એક બહેન ટ્રેનમાં એક સીટ ઉપર બેઠા બેઠા કંઈક લવારો કર્યા કરતા હતા.

**અલાહાબાદથી દિલ્હી** એ ટ્રેન જઈ રહી હતી. દિલ્હીની કોલેજના પચાસેક જેટલા યુવાન-યુવતીઓ પોતાના પ્રોફેસર સાથે અલાહાબાદ ફરવા નીકળેલા, ભરપૂર મસ્તી માણીને એ હવે પાછા દિલ્હી ફરી રહ્યા હતા.

કોલેજના યુવાન-યુવતીઓ ! એમાં વળી આ માદક-ભ્રામક ઉંમર ! એમાં વળી પરિવારથી અલગ ફરવા નીકળેલા હોય... એટલે માહોલ કેવો હોય... હસી-મજાક, ઠઠ્ઠા-મશ્કરી, પીક્ચરના ગીતો ગાવા, કોઈકની પટ્ટી ઉતારવી... આ બધા સિવાય એમને શું સૂઝે ? ટ્રેનમાં પણ એ જ પ્રમાણે ચાલતું હતું. સાથેના પ્રોફેસર પણ સમજતા જ હતા કે નવી પેઢી પાસે ઝાઝી સારી અપેક્ષા ન રખાય, તેઓ આવું જ વર્તન કરે, અને એ જ એમના માટે તો એકદમ સરસ વર્તન ગણાય.

વચ્ચે એક સ્ટેશને ગાડી ઉભી રહી, ત્યાં એક પતિ-પત્ની આ કોલેજીયનોના ડબ્બામાં ચડ્યા. ભાઈનો પગ કપાયેલો હતો, એટલે એક પગે અને લાકડીના ટેકે એ માંડમાંડ ડબ્બામાં ચડ્યા, પત્નીને પણ ઉપર ચડાવી, ખાસ ગીર્દી ન હોવાથી બંનેને બેસવાની જગ્યા તો મળી ગઈ. એમાં વળી કોલેજીયનોએ એક પગ કપાયેલો જોયો, એટલે જગ્યા આપવામાં ઉદારતા રાખી.

ટ્રેન ધીમે ધીમે આગળ વધી, એ પછી કોલેજીયનોને ખ્યાલ આવ્યો કે કપલમાંના બહેન ગાંડા જેવા લાગતા હતા. બસ, વારંવાર એક-બે-ત્રણ... એમ જ બોલ્યા કરે. એમના વર્તનમાં પણ સ્પષ્ટ રીતે ગાંડપણ તરવરી આવે.

યુવાન છોકરીઓને તો આ જોઈ ટીખળ કરવાનું મન થયું. એટલે એ છોકરીઓ પણ પેલા બહેનની માફક જ એક-બે-ત્રણ... એક-બે-ત્રણ...

એમ કટાક્ષમાં બોલવા માંડ્યા. એ બહેનની માફક જ ચેનચાળા કરવા માંડ્યા. બહેને છોકરીઓ તરફ પળભર જોયું. પણ એ તો પાગલ જેવા હતા, એટલે એમને તો એ મશ્કરી મશ્કરી લાગી જ નહિ. 'એક...' એમનો મંત્ર-જાપ ચાલુ જ રહ્યો.

બહેનના પતિ બધું જ જોતા હતા, છતાં ન તો ગુસ્સે થયા, ન તો પ્રતીકાર કર્યો... જાણે કશું બન્યું જ નથી, એમ સાવ ઉદાસ ચહેરે બેસી રહ્યા.

હવે તો છોકરાઓ પણ આ મશ્કરીમાં શામિલ થયા.

એ વખતે છાપું વાંચી રહેલા પ્રોફેસરને આ બધું જોઈ કંઈક વિચિત્ર લાગ્યું. છોકરીઓએ શરુ કરેલી એ પાગલ બહેનની મશ્કરી એમને ન ગમી, પણ નવી પેઢીને શું કહેવું ? એ આશયથી એમના તરફ તો એમણે ઉપેક્ષા જ કરી, છતાં એ બહેન ગાંડા કેવી રીતે બન્યા ? આ ભાઈનો પગ કેમ કપાયેલો છે ? અને સૌથી મોટી વાત કે પોતાની પત્નીની આટલી મશ્કરી થતી હોવા છતાં પણ આ ભાઈ તદ્દન શાંત કેમ બેઠા છે ? એમના મોઢાની રેખા પણ કેમ નથી બદલાતી ?'' આવી આવી શંકાઓ પ્રોફેસરને કોરી ખાવા લાગી, એટલે જ છાપું વાંચવાનું બંધ કરી પ્રોફેસરે પેલા પગ કપાયેલા ભાઈ સાથે વાર્તાલાપ શરુ કર્યો.

''ભાઈ ! એક વાત પૂછું ? ખોટું નહિ લાગે ને ?''

''ખોટું લગાડવા જેવું હવે કશું જ રહ્યું નથી, પ્રોફેસર !'' કપાયેલા પગવાળા ભાઈએ નીરસ બનીને જવાબ દીધો. ''જે પુછવું હોય, તે પૂછો. વર્ષોથી પ્રશ્નોના ઉત્તર જ આપતો આવ્યો છું.''

પ્રોફેસર ઝંખવાણા પડી ગયા. એ જવાબ આપવાની વિચિત્ર ઢબના કારણે કોલેજીયન છોકરા- છોકરીઓ પણ વિસ્મય પામ્યા.

''આ તો તમારો પગ કપાયેલો જોયો અને તમારા પત્નીને પાગલ જેવા જોયા, એટલે વિચાર આવ્યો કે આ બંને પરિસ્થિતિ જન્મજાત છે ? કે પછી....?''

"ના. આ પરિસ્થિતિ જન્મજાત નથી, પાછળથી થયેલ છે. અમારા બંનેના લગ્ન થયા, ત્યારે ન તો મારો પગ કપાયેલો હતો કે ન તો આ પાગલ હતી..."

'તો પછી આવું કયા કારણસર બન્યું ?'

હું ભારતીયસેનાનો સૈનિક હતો, સરહદ ઉપર ભારતની સુરક્ષા કરવી એ અમારા બધાનું કામ ! ચોક્કસ, રોજીરોટી માટે સરકાર પાસેથી પગાર તો અમે લેતા જ, પણ એની સાથે સાથે રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી અમારા રૂંવાડે રૂંવાડે સળગતી હતી, છે...

વર્ષમાં અમુક જ મહિના ઘરે આવીને રહેવા મળે, ત્યારે પરિવારનું સુખ પ્રાપ્ત થાય, એ સિવાય તો સરહદ ઉપર કેવી સંઘર્ષમય જીંદગી મારે જીવવી પડતી હતી, એ મારું મન જાણે છે.

થોડા થોડા વર્ષોના અંતરે મારે ત્રણ દીકરા થયા. એમની માને, આ મારી પત્નીને એ ત્રણ પર ઘણો વધારે પડતો લાડ-પ્યાર ! એનું એક કારણ એ પણ ખરું કે એનો પતિ હું મોટા ભાગનો સમય સરહદ ઉપર જ રહેતો, એટલે એને તો લાગણીનું એકમાત્ર સાધન આ બાળકો જ બની રહે ને ?"

આટલું એ સૈનિક બોલ્યો, ત્યાં જ પાછું એની પત્ની એક-બે-ત્રણ... બોલી... આ વખતે કોલેજીયનો હસ્યા નહિ, એકદમ ઉત્કંઠાભેર તેઓ આખી ઘટના સાંભળી રહ્યા હતા. સૈનિકની બોલવાની ઢબ ગજબની હતી, દર્દ ભરેલી હતી, હૈયાની આરપાર ઉતરી જાય એવી હતી.

પત્ની સામે વેદનાસભર આંખે એક દૃષ્ટિ નાંખી સૈનિકે વાત આગળ ધપાવી.

'મારો પહેલો દીકરો મોટો થયો, અને એને મારી જેમ લશ્કરમાં જોડાવાની, સૈનિક બનવાની તલપ જાગી. એને આ સાહસ, આ રાષ્ટ્રરક્ષા, આ બલિદાન ખૂબ જ ગમતું.

એક દિ' એણે એની માને, આને કહી દીધું કે "હું મારા બાપુજીની

સાથે લશ્કરમાં કામ કરીશ.''

આ સમજતી જ હતી કે 'લશ્કર એટલે શું ?' ગમે તે ઘડીએ મોતના સમાચાર સાંભળવા તૈયાર રહેવાનું... એ મારા માટે તો એ રીતની ભયાનક તૈયારી રાખીને જ બેઠેલી, પણ જ્યારે લાડલા દીકરા માટે આ વાત આવી ઊભી, ત્યારે ધ્રુજી ઉઠી. ''બિલકુલ નહિ, હું તને સૈનિક નહિ બનવા દઉં. તું ખેતી કર. તારે કશે જવાનું નથી.''

પણ એની એ જીદ ન ચાલી, એને રડતી મૂકીને પણ મોટો દીકરો મારી સાથે લશ્કરમાં જોડાયો, મેં પત્નીને એમ સમજાવીને શાંત પાડી કે 'જો, આપણને ત્રણ દીકરાઓ છે ને ? ભલે ને એક મારી સાથે જોડાતો. તારી પાસે બે તો રહેશે ને ? અને મારી પાસે એક હોય, તો મારે પણ સારું રહે, એકલવાયાપણું ન લાગે.'

અનિચ્છાએ પણ એણે એ વાત સ્વીકારી, સ્વીકારવી પડી.

આખરે એક ગોઝારો દિવસ ઉગ્યો. સરહદ ઉપર દુશ્મનો સાથેની મારામારીમાં મારા પગમાં ગોળી વાગી, ઝેર આખા શરીરમાં ફેલાઈ ન જાય, એ માટે મારો પગ કાપી નાંખવો પડ્યો, અને એ જ લડાઈમાં મારો મોટો દીકરો પણ શહીદ થયો. એની માને આઘાત ન લાગે, એ માટે એને સીધા જ સમાચાર આપવાને બદલે હું દીકરાના મૃત્યુના સમાચાર સાથે કપાયેલા પગે ઘરે પહોંચ્યો... ગમે તેમ તો ય માનું હૈયું હતું ને ! મને અપંગ જોયો, લાકડીના ટેકે ચાલતો જોયો, એનો એને ધ્રાસ્કો પડેલો, એમાં ય જ્યારે મોટા દીકરાનું મૃત્યુ સાંભળ્યું, ત્યારે તો પત્થરને પીગળાવી નાંખનારું હૈયાફાટ રૂદન કર્યું, માંડ માંડ અમે બધાએ એને શાંત પાડી.

દિવસો પર દિવસો વીતતા ગયા, સરકાર તરફથી મને પેન્શન મળતું હતું, થોડીક ખેતીવાડી હતી, એટલે પેટ પુરવામાં કશી તકલીફ પડતી ન હતી. પણ અમારા ભાગ્યમાં હજી તો ઘણા આંચકાઓ ખાવાના બાકી હતા.

મારા બે નાના દીકરાઓને પણ લશ્કરમાં જોડાવાની ઈચ્છા જાગી, એમના મિત્રો જોડાવાના હતા, એટલે અને તેઓના શરીરમાં મારું

રાષ્ટ્રભક્તિનું લોહી વહેતું હતું એટલે... એ ગમે તે કારણ હોય, તેઓને ઈચ્છા જાગી અને મારી પાસે રજા માંગી. હું તો પુરુષ હતો, બાપ હતો... હૈયું કઠણ કરીને પણ રજા આપી દેત, પણ મને એમની માનો, આનો વિચાર આવ્યો. મને ખબર જ હતી કે એ તો આ વાત સાંભળી પણ નહિ શકે. લશ્કર નામ સાથે જ એને અણગમો થઈ ગયો હતો. મેં બંને દીકરાઓને ઘણા સમજાવ્યા, પણ એ ન માન્યા. એમણે એમની બાને વાત કહી, એણે તો રાડ પાડી, એક તમાચો મારી દીધો,... બે-ચાર દિવસ સુધી સાવ મૌન રહી, છોકરાઓ માનો આક્રોશ જોઈ રહ્યા, પણ એ પણ ભારે જીદ્દી અને ઉસ્તાદ હતા. એમણે નવી પદ્ધતિ અજમાવી. 'ભૂખ નથી.' એમ કહીને બે દિવસ કશું ન ખાધું. હવે કઈ મા દીકરાઓને ભૂખ્યા રાખીને ખાઈ શકે ?

આણે ત્રીજા દિવસે બંને બેટાઓને ઘણા સમજાવ્યા, ખૂબ રડી... પણ દીકરાઓની જીદ ઓછી ન થઈ. "તું રજા આપ, પછી જ ભોજન !"

એણે 'બેમાંથી એક જ જાઓ.' એમ કહ્યું, પણ બંને ભારે જીદ્દી ! 'અમે સાથે હશું, તો એકબીજાને મદદ કરી શકશું, સંકટ સમયે બચાવી શકશું...' વગેરે દલીલો કરી.

છેવટે આણે બંનેને રજા આપી, બંને હોંશે હોંશે લશ્કરમાં દાખલ થયા. માએ કપાળે કંકુતિલક કર્યાં, પણ ગભરાટ એના રોમે રોમે વ્યાપી ચૂક્યો હતો.

અને અંતે જે બનવાનું હતું, એ જ બન્યું. એક દિવસ અમારા કાને સમાચાર અથડાયા "બંને દીકરાઓ સરહદ પરની એક લડાઈમાં શહીદ થઈ ગયા છે."

ત્યારે આ અવાચક બની ગઈ, આઘાત આંસુ બનીને બહાર ન ટપક્યો, એટલે મગજ ઉપર ચડી ગયો. "મારા એક-બે અને ત્રણ... બધા દીકરા મરી ગયા. હું વાંઝણી બની ગઈ." એ આવા એક-બે વાક્યો લવારા કરતી હોય, એમ બોલી. મેં એને ઢંઢોળી, મેં એને રડાવવા પ્રયત્ન કર્યો, મેં એને દીકરાઓની લાશ દેખાડી, પણ બેના મુખ જોઈને પણ એ ન રડી,

ન જ રડી... હું બેચેન બની ગયો. મેં એને ખૂબ ઢંઢોળી, "કંઈક તો બોલ, ચૂપ કેમ છે ? જો આ તારા દીકરા..." વગેરે ઘણું કહ્યું, ત્યારે એના મોઢામાંથી આ શબ્દો સરી પડ્યા, 'એક - બે - ત્રણ... એક - બે - ત્રણ...'

બસ, વર્ષો વીતી ગયા એ વાતને ! આ ત્રણ શબ્દો સિવાય એ કશું નથી બોલી આ વર્ષોમાં ! મેં ઘણા પ્રયત્નો કર્યા એને ડાહી કરવામાં, પણ હું સફળ ન થયો.

હું લંગડો અને એ ગાંડી ! ત્રણ જુવાનજોધ છોકરાઓ યમરાજના દરબારમાં ! પણ મેં આ પરિસ્થિતિ પણ સ્વીકારી લીધી. હિંમત ન હાર્યો. વધુ મજબુત બન્યો, વધુ સખત બન્યો... મારી જાતને અને આને બરાબર સાચવું છું. ક્યારેક દીકરાઓની યાદ આવે, ત્યારે એકલો એકલો રડી લઉં છું. હવે તો આ ય ક્યાં મારા દુઃખમાં સહભાગી બને છે ?"

એ લંગડો સૈનિક અટક્યો, ગજવામાંથી રૂમાલ કાઢી આંખો લુંછી નાંખી. કોલેજીયન છોકરા-છોકરીઓના નેત્રોમાં તો જાણે અષાઢી મેઘલો વરસતો હોય, એમ આંસુની ધાર ચાલી રહી હતી.

'I am very very Sorry, Uncle ! અમને આ બધી ખબર ન હતી, અમે મજાક - મશ્કરી કરીને આપને દુઃખી કર્યા...' સૌ વતી એક છોકરીએ ખરા હૈયે માફી માંગી.

લંગડો સૈનિક દર્દીલું હસ્યો.

"મારા દીકરાઓ, દીકરીઓ ! માફી નહિ માંગો તો ચાલશે, પણ મારી એક વાત માનશો ? તમે ભારતના ભાવી ઘડવૈયાઓ છો. અમે બધા સૈનિકો ભારતની રક્ષા કરતા હતા, એ કંઈ જમીનના ટુકડા રૂપ ભારતની નહિ, પણ એમાં રહેનારા કરોડો હિન્દુસ્તાનીઓની ! તમે સૌ મને ખૂબ વહાલા છો, તમારા માટે જ મેં બલિદાન આપ્યું છે, પગનું, ત્રણ દીકરાઓનું, પત્નીની સુખભરી જીંદગીનું !

પણ લોકો આ વાત સમજી શકતા નથી.

મારે પૈસાની જરૂર નથી, પણ અમારા બલિદાન ઉપર કોઈ કદરના બે આંસુ પાડે, એટલું જ મારા માટે તો બસ છે.'

બોલો, કરી શકશો આટલું ?

તમારા માથે ભવ્યભારતની જવાબદારી છે, એ તમારે નિભાવવાની છે, એ માટે તમારે ગંભીર બનવાનું છે, સક્રિય બનવાનું છે.

મારા બાળકો ! આટલું કરશો, તો મને સંતોષ થશે."

ટ્રેન દિલ્હી પહોંચી, ત્યારે તમામ કોલેજીયન યુવતીઓ પેલી ગાંડી સ્ત્રીનો હાથ પકડી એને ટેકો આપી ટ્રેનમાંથી નીચે ઉતારવાનો લાભ લેવા પડાપડી કરવા માંડી અને તમામ કોલેજીયન યુવાનો પેલા લંગડા સૈનિકને નીચે ઉતારવા માટે સહાયક બનવા પડાપડી કરવા માંડ્યા, કેટલાકોએ એમનો સામાન ઉંચકીને વ્યવસ્થિત રીતે નીચે ઉતારી આપ્યો,... છેવટે એ બંનેને સામાન સાથે ટેક્ષીમાં બેસાડી દીધા, એમના સરનામે પહોંચાડી આપવાનું ભાડું ડ્રાઈવરને ચુકવવા માટે પણ કોલેજીયનો વચ્ચે ભારે રકઝક ચાલી. અંતે લંગડા સૈનિકે એની સ્પષ્ટ ના જ પાડી, અને પચાસેક યુવાન-યુવતીઓના 'આવ જો' શબ્દને અશ્રુભીની આંખે પીતા એ સૈનિકે ત્યાંથી વિદાય લીધી.

આ આખું દશ્ય નિહાળી રહેલા પ્રોફેસર ગદગદ બની જ ગયા હતા, હર્ષાશ્રુ વહાવી જ રહ્યા હતા. મનોમન એમણે એક જ વિચાર કર્યો "કાશ ! ભારતના પ્રત્યેક યુવાન-યુવતીઓ સાથે આવા એકાદ સૈનિક-દંપતીનો ભેટો થઈ જાય, તો એમની આંખ ઉઘડ્યા વિના ન રહે. યુવાનીને મોજ-શોખનું સાધન માનનારી આ નવી પેઢીને સાચો રાહ દેખાડવાનું કામ આ મહાન ભોગ દેનારા ભડવીરો જ કરી શકશે."

(આપણા પ્રાચીન આચાર્ય ભગવંતોએ પણ આપણી સુરક્ષા માટે ઘણો મોટો ભોગ આપ્યો છે હોં !

એ પૂર્વજોએ પોતાના જીવનમાં આચારની શિથિલતાનો પ્રવેશ ન થવા દીધો, એ એટલા માટે કે ભવિષ્યમાં આપણા જીવનમાં અનાચારનો -

શિથિલતાનો પ્રવેશ ન થઈ જાય. (અનવસ્થા). આપણે એમની એ આચાર મર્યાદાને ટકાવી રાખીએ, તો એમણે આપેલા આ બલિદાનનો સત્કાર કરેલો ગણાય.

પૂર્વજોએ આપણા સુધી અમૂલ્ય શ્રુતજ્ઞાન પહોંચાડવા માટે ભક્તોના સંપર્ક ત્યાગી, યશ-કીર્તિની લાલસા ત્યાગી, એકાંતમાં બેસી હજારો ગ્રન્થોનું નિર્માણ કર્યું. હવે આપણી ફરજ શું? એ ગ્રન્થો ખોલવા પણ નહિ, બહિર્મુખ - સ્વાધ્યાયવિહીન જીવન જીવવું એ શું આપણા માટે ઉચિત ખરું ? એ શું એમના બલિદાનનું અપમાન નથી ? એને બદલે એમણે જે ઉદ્દેશથી ગ્રન્થોની રચના કરી છે, એ ઉદ્દેશ પાર પાડવો, એટલે કે વ્યવસ્થિત પરિશ્રમ કરીને એ શ્રુતજ્ઞાનને આત્મસાત કરવું એ જ એમના બલિદાનનું સન્માન છે ને ?

આપણે સીધેસીધી તો એ પૂર્વજોની મજાક-મશ્કરી નથી જ કરતા, પણ આપણી શિથિલતાઓ, બહિર્મુખતાઓ, શાસ્ત્રાભ્યાસ-ઉપેક્ષાઓ... આ બધું આડકતરી રીતે તો એ પૂર્વજોનું અપમાન જ કહેવાય એવું મને તો લાગે જ છે.

*+ **કવિ પ્રદીપે** એક ગીતમાં ભારતીય પ્રજાને સૂચન કર્યું છે કે 'તમે આઝાદીનો આનંદ માણો, એની ના જ નથી, પણ એ આઝાદી જેઓએ પોતાના જીવનનો ભોગ આપીને તમને મેળવી આપી છે, એ શહીદોને તો ન જ ભૂલતા, એમની કુરબાનીને તો ન જ ભૂલતા.'*

હજારો સંયમીઓને હું પણ એટલું જ કહું છું કે તમને અદ્ભુત જિનશાસન મળ્યું, ૭ અબજની વિશ્વવસ્તીમાં માત્ર ૧૫ હજારને જ જે મળ્યું છે, તેવું સર્વવિરતિ જીવન, અજોડ શ્રુતજ્ઞાન તમને મળ્યું... એનો આનંદ તો માણજો જ, પણ આ બધું છેક **પ્રભુવીર**થી માંડીને અહીં સુધી પહોંચાડનાર તો આપણા મહાપુરુષોની પવિત્ર પરંપરા છે, આપણા વડદાદાગુરુ, દાદાગુરુ અને છેવટે આપણા ગુરુ છે. એમના ઉપકારનું વિસ્મરણ ન જ થવું જોઈએ. આપણી આ અંગત-અનિવાર્ય ફરજ છે... એ ભૂલવા જેવું નથી જ.)

# પ્રતિષ્ઠા શૂકરી વિષ્ઠા

(ઈ.સ. ૧૯૨૫માં હિમાલયના એક નાનકડા ગામમાં જન્મ પામેલો એક છોકરો મોટો થઈને હિન્દુ સંન્યાસી બન્યો, એનું નામ **'સ્વામી રામ !'** એમણે પોતાના જીવનની આત્મકથા જેવું એક પુસ્તક લખેલું. એના ગુજરાતી અનુવાદ રૂપ પુસ્તક હિમાલયના સિદ્ધયોગીમાં આપણને પણ અમુક રીતે ઉપયોગી થાય, એવી કેટલીક વાતો જાણવા મળી. એમાંની એક નાનકડી ઘટના અક્ષરશઃ એમના જ શબ્દોમાં અહીં આપવામાં આવે છે.

સ્વામી રામે **'ધ હિમાલય ઈસ્ટિટ્યુટ'** નામની એક સંસ્થા સ્થાપી છે. એનું રાષ્ટ્રીય મુખ્ય કાર્યાલય પેન્સિલવાનિયા (અમેરિકા)ના **હોનેસ્ડેઈલ** ગામમાં ૪૫૦ એકર જમીન પર પથરાયેલું છે...)

ગુરુએ મને **નર્મદા**ને કાંઠે જઈને કેટલીક તપસ્યાઓ કરવાનું કહ્યું, તેમણે મને **ઓંકારેશ્વર** નજીક ખેરીઘાટથી ત્રીસ માઈલ દક્ષિણ તરફના ગાઢ જંગલમાં જવાનું કહ્યું. ત્યાં નદીમાં ઘણા બધા મગર હતા. સવારે ને સાંજે ઘણા મગર રેતી પર પડેલા દેખાતા. હું એ નદીના કાંઠે છ મહિના રહ્યો. ત્યાં કોઈ મને વિક્ષેપ કરતું નહિ. મારી પાસે ફક્ત પાણીનું કમંડળ, કામળો અને બે લંગોટી... એટલું હતું. છ માઈલ દૂર આવેલા એક ગામડેથી દિવસમાં એકવાર લોકો મને દૂધ-રોટલી પહોંચાડતા.

આ શારીરિક અને માનસિક આકરી તપસ્યાના છ મહિના મારા જીવનનો એક ઉત્તમ સમય હતો.

એક દિવસ શિકારીઓની એક ટોળી ત્યાં આવી. તેમણે મને નદીના કાંઠા પર મગરોની વચ્ચે બેસીને ધ્યાન કરતો જોયો. કેટલાક મગર તો મારાથી થોડાક વારના અંતરે જ પડેલા હતા. મારી જાણ બહાર એ લોકોએ મારો ફોટો લીધો અને ઘણા છાપાઓ પર મોકલ્યો.

એ વખતે કરવીરપીઠમ્‌ના **શંકરાચાર્ય** તેમના ઉત્તરાધિકારીની શોધમાં હતા. તેમણે થોડાક પંડિતોને દૂર રહીને મારી દિનચર્યા અવલોકવા (જોવા)

માટે કહ્યું. એ લોકો રાતે ગામમાં રહેતા અને દિવસ દરમ્યાન મારી પ્રવૃત્તિઓ પર ધ્યાન રાખતા.

આમ, થોડો વખત મારી દિનચર્યાનું અવલોકન કર્યા પછી અને મારી પશ્ચાદ્ભૂમિકા વિશે માહિતી મેળવ્યા પછી તેઓ મારી પાસે આવ્યા અને મને શંકરાચાર્ય થવા વિશે વિચારવાનું કહ્યું. એ વખતે **ડૉ. કુર્તકોટિ શંકરાચાર્ય** હતા. તેઓ અત્યંત મેધાવી અને ઉચ્ચકક્ષાના સંસ્કૃત વિદ્વાન હતા. **લોકમાન્ય ટિલક**ના તેઓ નિકટના મિત્ર હતા. મને તેમની પાસે લઈ જવામાં આવ્યો. તેમને હું ગમી ગયો. પછી હું મારા ગુરુ પાસે ગયો અને આ પદ સ્વીકારવા માટે તેમની મંજૂરી માંગી. ૧૮ દિવસ સુધી ચાલેલા મહોત્સવ પછી મને જગદ્ગુરુ શંકરાચાર્યના ઉત્તરાધિકારી તરીકે સ્થાપવામાં આવ્યો. આખી દુનિયામાંથી મને શુભેચ્છકોના હજારો તાર મળ્યા, તેમાં **પોપ** અને બીજા અગ્રણી આધ્યાત્મિક મહાનુભાવોના સંદેશા પણ હતા. મારે માટે આ વિચિત્ર અનુભવ હતો. છ મહિનાના એકાંત અને મૌન પછી આ તદ્દન સામા છેડાની પરિસ્થિતિ હતી. હજુ ત્યારે મારી ઉંમર ૩૦ વર્ષની પણ નહોતી, અને મારા પર મોટી જવાબદારી મૂકાઈ હતી.

ડૉ. કુર્તકોટિ સામાજિક-ધાર્મિક સુધારાઓમાં માનતા હતા. તેમણે મને રાજકીય અને ધાર્મિક નેતાઓ સાથે તેમણે કરેલા પત્રવ્યવહારની મૂલ્યવાન ફાઈલો આપી દીધી. વિવિધ જૂથો અને આગેવાનો સાથે મારી ઘણીવાર બેઠકો યોજાતી. યાત્રા અને વ્યાખ્યાનોથી મારા દિવસો ભરચક બની ગયા. હું એમાં રોકાયેલો ન હોઉં ત્યારે સવારથી સાંજ સુધી લોકો મને મળવા અને મારા આશીર્વાદ લેવા આવતા. મારે માટે આ બધું બહુ કઠિન થઈ પડ્યું. મારી કોઈ સ્વતંત્રતા રહી નહિ. મને થયું કે, આમાં મને ધ્યાન ને સાધના કરવાનો તો સમય જ મળતો નથી. મારો આખો દિવસ લોકોને આશીર્વાદ આપવામાં જાય છે. આ કંઈ ઠીક નથી થતું.

હું જરા પણ સુખી નહોતો. મારો અંતરાત્મા કહેતો હતો : 'તું આને માટે સર્જાયો નથી. છોડી દે.' એટલે બે વર્ષ પછી, ખીસામાં એક પણ પૈસા વિના હું ત્યાંથી બસ, ભાગી જ નીકળ્યો. હજુ હમણાં સુધી મારે રહેવાને

મહાલય જેવું મકાન હતું અને એક માણસ માટે અનેક મોટરકાર હતી. અને બીજે દિવસે મારી પાસે પહેરેલાં કપડાં સિવાય કશુ જ ન હતું. હિમાલય જવાની ઈચ્છાથી હું ટ્રેનના ત્રીજા વર્ગના ડબ્બામાં ચડી ગયો. ટ્રેન મારે જ્યાં જવું હતું ત્યાં જ જતી હતી. મારી પાસે ટિકિટ નહોતી. ટ્રેનના લોકોને નવાઈ લાગી હશે કે 'આ હું કોના કપડાં ચોરી લાવ્યો છું', કારણ કે મેં હજી શંકરાચાર્યનાં કીંમતી વસ્ત્રો જ ધારણ કરેલાં હતા. કન્ડક્ટર આવ્યો ને તેણે મને બીજા સ્ટેશને ઉતારી પાડ્યો. કારણ કે મારી પાસે પૈસા નહોતા. અને મારે 'હું કોણ છું' તે કહેવું નહોતું. આ પહેલાં મેં ક્યારેય ટિકિટ વગર પ્રવાસ કરવાનો ગુનો કર્યો જ નહોતો. હું માથું નીચું કરીને ઊતરી ગયો. અને મારા પર કેસ ન ચલાવવા બદલ તેનો આભાર માન્યો.

શંકરાચાર્યના અનુયાયી અને પ્રશંસકોને 'આવા ગૌરવવંત ઉચ્ચપદનો મેં ત્યાગ કર્યો' તે જરા પણ ગમ્યું નહિ. તેમને એમ લાગ્યું કે હું મારી જવાબદારીઓ તજીને જતો રહ્યો. પણ મને મઝા નહોતી આવતી અને ફરી કદી હું ત્યાં ગયો નહિ.

હું મારા ગુરુ પાસે આવ્યો ત્યારે તેમણે કહ્યું : "હવે તેં જોયું ને કે દુનિયાનાં પ્રલોભનો કેવાં સંન્યાસીની પાછળ પડે છે. દુનિયા કેવી રીતે આધ્યાત્મિક માણસને ગળી જાય છે ! હવે તને કોઈ વસ્તુની અસર નહિ થાય, કારણ કે ઉચ્ચ પદ, સંસ્થાઓ અને ત્યાગ - બધાંનો તેં અનુભવ લઈ લીધો છે. લોકો તેમના આધ્યાત્મિક નેતા પાસેથી ઘણી બધી અપેક્ષાઓ રાખે છે. લોકોને ઊંચે લાવવા, તેમને જ્ઞાની બનાવવા તું ભલે ગમે તે કર, પણ તારો માર્ગ ચૂકતો નહિ."

(મારા પૂજ્ય ગુરુદેવશ્રીના મુખે વારંવાર સાંભળેલું 'આપણને લોકોમાં યશ મળે, લોકો આપણને ચાહે, આપણા માટે સારા શબ્દો બોલાય. પ્રશંસા થાય... આ બધું ભૂંડની વિષ્ઠા જેવું છે. એમાં બિલકુલ રાચવા જેવું નથી. એ તો આજે છે ને કાલે નથી...'

વિચાર તો કરો કે એક જૈનેતર સંન્યાસી શંકરાચાર્ય જેવી મોટી પદવીને પણ છોડી દઈને સાધનાના માર્ગે ભાગી જાય છે. બહિર્મુખતા - લોક

પરિચય - પ્રવૃત્તિઓનો ઢગલો એને મુંઝારો ઉભો કરે છે. આત્મલીનતામાં જ એને રુચિ છે...

તો લોકોત્તર શાસનમાં રહેલા, જગતના સર્વોત્કૃષ્ટ પદ જૈનસાધુ પદ પર રહેલા આપણા બધાની પરિણતિ, નિર્લેપતા, લોકવિમુખતા... કેવી હોવી જોઈએ ?

મારી દૃષ્ટિએ તો સાચો ત્યાગી જ એ છે કે 'જે સંસારત્યાગથી, ભોગસુખત્યાગથી પ્રાપ્ત થતી પ્રશંસા, ઋદ્ધિ, યશ, કીર્તિ વગેરેમાં સાચો નિર્લેપભાવ કેળવી લે...')



# ઝાંસીની રાણી

"સર! અમે **ભારત**થી આવ્યા છીએ, અમારું વતન **બ્રિટન=ઈંગ્લેન્ડ** છે. જહાજમાં મમ્મીની તબિયત લથડતી જતી હતી. ખબર નથી પડતી, શું થયું છે એને ? Please! આપ અમને સહાય કરશો ?" ૧૬ વર્ષની **મેરી** હોટેલના મેનેજરને વિનંતી કરી રહી હતી.

ઈ.સ. ૧૮૫૭-૫૮ના સમયની એ વાત !

**ઈસ્ટ ઈન્ડિયા કંપની** ભારત પર રાજ કરતી હતી, ઈંગ્લેન્ડથી પોતાના માણસોને ભારતમાં તે તે કામ કરવા માટે મોકલતી. એમાં ઘણા વર્ષો પૂર્વે **માઈકલ** નામના એક બાહોશ અધિકારીને કંપનીએ ભારતમાં મોકલેલો. માઈકલ પોતાની પત્ની **મારિઆ** અને નાની વ્હાલી દીકરી મેરી સાથે ભારત આવ્યો. હોંશિયાર હોવાથી બહુ સારી રીતે કામમાં સ્થિર થઈ ગયો.

એ એક નોકર હતો, નોકરી કરીને ગુજરાન કરવું એ જ એનું કામ! કંપનીની જે મેલી મુરાદ હતી, એની સાથે એને કોઈ નિસ્બત ન હતી. હા ! કંપનીના કાવતરાઓમાં આ બધા નોકરો હાથો ચોક્કસ બનતા, પરંતુ એ બધું તેઓ તો નોકરીના એક કામરૂપે જ કરતા, માટે જ માઈકલનું મન આમ સ્વસ્થ-શાંત હતું. ભારતની ધરતી એને માયાળુ લાગી, ભારતના લોકો એને ચાહવા જેવા લાગ્યા.

એક દિવસ

કોઈક જંગલી વિસ્તારમાં વાઘે આક્રમણ કરી બે-ત્રણ માણસોને ફાડી ખાધા. વિફરેલા વાઘને ખતમ કરવાનું કામ કંપનીએ કુશળ શિકારી એવા આ માઈકલને સોંપ્યું. માઈકલે આવા ઘણા શિકારો કરેલા, એટલે એના માટે કોઈ ભયનું કારણ ન હતું. પણ ગમે તે કારણે મારીઆનું મન એ દિવસે કોચવાયું. કંઈક અમંગળનો અહેસાસ એને થયા કરતો હતો. છતાં એ માઈકલને રોકી ન શકી.

અંતે જે બનવાનું હતું, એ જ બન્યું...

માઈકલે વાઘનો શિકાર તો કર્યો, પણ ઝપાઝપીમાં પોતે પણ શિકાર બની ગયો, એની લાશ મારીઆ પાસે લાવવામાં આવી. બધાએ એની વીરતાના ખૂબ વખાણ કર્યાં, પણ મારીઆ સમજતી હતી કે ‘‘આ પ્રશંસા એ તો બે ઘડીનો મિથ્યા આનંદ! આખી જીંદગી હવે મારે કેમ પસાર કરવી ? આ ૧૫-૧૬ વર્ષની દીકરી અનાથ થઈ... એનું શું ?’’

કંપનીએ મારીઆને તમામ પ્રકારની સગવડ આપી, પણ મારીઆને પતિ વિના હવે ભારતની ધરતી ખાવા ધાતી હતી. એની બેચેની દિવસે દિવસે વધતી ચાલી. એ તો લાગણીના સંબંધો જેણે બાંધ્યા હોય, એ જ આવી પરિસ્થિતિની કરુણતા સમજી શકે...

એનું સ્વાસ્થ્ય લથડતું ચાલ્યું, સાવ નાની ઉંમરમાં એ ઘરડી થવા માંડી. એને પોતાના કરતા પણ દીકરી મેરીની ચિંતા ખૂબ હતી.

મેરી પણ મમ્મીની આ હાલત સતત જોઈ રહી, પણ પોતે શું કરી શકે ?

અંતે

મારીઆને થયું કે ‘હું મરી જઈશ, તો મેરીને આ ધરતી પર કોણ સાચવશે ? એના કરતા આપણા દેશમાં જ પહોંચી જઉં.’ અને એણે બ્રિટન જવાનો નિર્ણય લઈ લીધો. કંપનીએ બધી વ્યવસ્થા ગોઠવી આપી.

ભારતની ધરતી છોડવા માટે મારીઆ મેરી સાથે જ્યારે જહાજ ઉપર ચડી, ત્યારે એની આંખે પાણી ભરાઈ આવ્યા. પતિ સાથેની હજારો યાદો ભારતની ધરતી સાથે સંકળાયેલી હતી, એ છોડીને એ જઈ રહી હતી. એની પાસે બીજો કોઈ વિકલ્પ જ ન હતો.

જહાજ સીધું બ્રિટન જવાનું ન હતું. પણ ફ્રાંસની રાજધાની પેરીસ થઈને જવાનું હતું. એ વખતના જમાનામાં વિમાનોની એવી શોધ થઈ ન હતી. જહાજો પણ ૧૫-૨૦-૩૦ દિવસે પહોંચાડતા.

મારીઆની માનસિક વેદના ઘુંટાતી ચાલી, એની ભારે અસર એના શરીર પર પડી... એને લાગ્યું કે એ લાંબુ જીવી નહિ શકે... દીકરી સામે જોઈ જોઈને એ ખૂબ હેરાન થતી. ‘બિચારી આ એકલી મેરીનું શું થશે ? મારા મરી ગયા પછી એનું કોણ ?’

જહાજ પેરીસ પહોંચ્યું, ત્યારે તો મારીઆની હાલત ઘણી જ બગડી ચૂકી હતી, છેવટે મા-બેટી બે ય જણ પેરીસમાં ઉતર્યા, એક સારી હોટલમાં પહોંચ્યા. માંદી મમ્મીને એક બાજુ આરામ માટે સુવડાવી દઈને ૧૬ વર્ષની નાની ઉંમરવાળી છતાં ગંભીર મેરી હોટલના મેનેજર પાસે પહોંચી. અને ઉપર મુજબ વિનંતી કરી.

મેનેજરે મેરી સામે જોયું, ઉંમર નાની હોવા છતાં પીઢતા-પરિપક્વતા મોઢા પર નીતરતી દેખાતી હતી. શબ્દોમાં દીનતા ટપકતી હતી.

"ક્યાં છે, તમારા મધર! ચાલો, તપાસ કરીએ." મેનેજર તરત ઉભો થઈ મેરીની પાછળ મારીઆ પાસે આવ્યો. કણસતી મારીઆને જોઈને એને કેસ ગંભીર લાગ્યો, મારીઆને યોગ્યસ્થાને ટ્રાન્સફર કરીને તરત પેરીસના સારા ડૉક્ટરને ફોન કર્યો.

"Please! Doctor! Come fast!" ધડકતા અવાજે મેનેજરે સૂચના કરી, અને થોડી જ વારમાં ડૉક્ટર ત્યાં આવી ગયા.

મારીઆને ચેક કરી, એમના મોઢા પર ચિંતા ફરી વળી. એમણે મેનેજર સાથે ફ્રેંચ ભાષામાં વાતચીત ચાલુ કરી. મેરીને ફ્રેંચ ભાષા આવડતી ન હતી, એટલે એ કશું સમજી ન શકી. માત્ર એટલું લાગ્યું કે 'પરિસ્થિતિ ગંભીર છે...'

'શું થયું છે, ડૉક્ટર ? મમ્મીને સારું થઈ જશે ?' મેરીએ ધ્રુજતા અવાજે પુછ્યું.

"પરિસ્થિતિ ગંભીર છે, દીકરી! અમુક દુર્લભ દવાઓ જો આપવામાં આવે, તો બચી જાય. પણ એ દવાઓ જલ્દી મળતી નથી, તપાસ કરવી પડશે. હું તમને લખી આપું છું, તમે શહેરમાં દવાની દુકાનોમાં તપાસ કરી આવો..." કહીને ડૉક્ટરે તો પેડ ઉપર દસેક દવાઓ લખી આપી.

"ડૉક્ટર! હું આ શહેરમાં પહેલીવાર આવી છું. મારું કોઈ નથી, સિવાય મારી મમ્મી! આ દવા બીજા કોઈ લાવી ન શકે ? મેં કશું જોયું નથી."

"બીજું તો કોણ લેવા જાય । તું તો જાણે છે કે ડૉક્ટર તરીકે મારે પણ

કેટલા કામ હોય, અને મેનેજરને પણ એની ડ્યુટી બજાવવાની હોય. તું ચિંતા ન કર, પેરીસના ટેક્સીવાળાઓ સારા-પ્રામાણિક હોય છે. તું એમને કહેજે, એ તને બધી દુકાનો પર લઈ જશે. આ દવાઓ જલ્દી મળે એમ નથી, એટલે ફરવું પડશે. એકાદ દુકાનથી જ મળી જાય એમ હોત, તો હજી અમે દોડાદોડી કરી લેત..." ડૉક્ટરે આશ્વાસન સાથે પોતાની અને મેનેજરની મજબુરી પણ દર્શાવી દીધી.

"તારી પાસે પૈસાની સગવડ તો છે ને ? એમાં કંઈ તકલીફ હોય તો મને કહે, બધું ગોઠવી આપું." મેનેજરે કહ્યું.

"ના, ના! પૈસાનો તો વાંધો નથી. સારુ, તો હું દવાઓ લઈને આવું છું. ડૉક્ટર સાહેબ! તમે તરત આવી જશો ને ?"

"ચોક્કસ! તું દવા લઈ આવ, મેનેજર મને ફોન કરે, એટલે હું હાજર! O.K. ! અને ત્યાં સુધી તારી મમ્મીને મેનેજર બરાબર સાચવી લેશે. તું ચિંતા ન કર..."

મારીઆ પર છેલ્લી નજર નાંખીને, ચિંતિત ચહેરે મેરી ઝપાટાબંધ બહાર નીકળી. ટેક્સી રોકીને એક પછી એક અનેક દુકાનોમાં ફરવા લાગી. ડૉક્ટરની વાત સાચી પડી. દવાઓ મળતી જ ન હતી... દોઢેક કલાકની સખત મહેનત બાદ માંડ પચાસ ટકા દવા હાથમાં આવી,... મેરીને થયું કે "અત્યારે મારે એકવાર હોટલ પર પહોંચી જવું જોઈએ. દવાનો ડોઝ ચાલુ થઈ જાય... એ જરૂરી છે."

અને ડ્રાઈવરને કહીને એ પાછી હોટલ પર આવી, પૈસા ચૂકવી રીતસર દોડતી દોડતી હોટલમાં ઘુસી, મેનેજર પોતાના કાઉન્ટર પર કામકાજ કરતો હતો...

"સર! દવાઓ તો મળતી જ નથી, માંડ માંડ જેટલી મળી, એટલી લાવી છું. આપ ડૉક્ટરને જલ્દી બોલાવી લો ને... મમ્મીને દવા ચાલુ તો કરી દે..."

મેનેજરે મસ્તક ઉંચે કર્યુ, ચશ્મા કાઢીને મોટો ધડાકો કર્યો "બહેન! તમે કોની વાત કરો છો ? ક્યા ડૉક્ટરને બોલાવવાના છે ? કોની મમ્મી ? બહેન!

આ હોટલ છે, હોસ્પીટલ નહિ... તમે ભૂલા પડ્યા લાગો છો.''

"શું ?" મેરીના માથે વિજળી પડી." સર! મને ન ઓળખી ? તમે જ તો મારી મમ્મી માટે ડૉક્ટર ને બોલાવી આપેલા, તમે અને ડૉક્ટરે તો મને દવા લેવા મોકલેલી. આ રહ્યું એ કાગળ!''

"બહેન! કાગળનું મારે શું કામ ? હું હોટલનો મેનેજર છું, હું હોસ્પીટલ નથી ચલાવતો, મને લાગે છે કે તમે ભૂલથી બીજી કોઈ જગ્યાએ આવી ચડ્યા છો... આ લખી આપનાર જે હોય, એને જઈને મળો...''

"મેનેજર! તમે મારી સાથે દગો કેમ રમો છો ? મેં તમારું શું બગાડ્યું છે ? Please! મારા પર દયા કરો. હું અનાથ છું..." મેરી ભાંગી પડી, રીતસર ચીસો પાડવા માંડી, ચોધાર આંસુએ રોવા લાગી, આંખે અંધારા આવવા લાગ્યા.

"જુઓ, બહેન! તમારા માટે મારી પૂરી હમદર્દી છે. પણ મેં કશું ખોટું કર્યુ નથી. તમને મોટી ભ્રમણા થઈ લાગે છે. પૂછી જુઓ, મારા સ્ટાફના કોઈપણ માણસને! તમે કે તમારા મમ્મી અહીં આવ્યા હોય, તો એમાંથી એકાદ જણને તો ખબર હોય જ ને ? તમે મારા ઉપર ખોટો આરોપ મૂકી રહ્યા છો..." મેનેજર પણ ગુસ્સે થઈ ગયો. સ્ટાફના માણસો ભેગા થઈ ગયા. બધાએ એ જ વાત કરી "બહેન! તમારી કોઈક ભૂલ થાય છે... અહીં તમે કે તમારી મમ્મી કોઈ આવ્યું જ નથી.''

૧૬-૧૭ વર્ષની મેરીને તો જાણે નીચેથી ધરતી સરકી જતી હોય, એવો આભાસ થયો. એ હવે કોના પર ભરોસો મૂકે ? આ પરદેશની ધરતી પર એનું કોણ ? આ બધા ફ્રેંચ માણસો અને પોતે ઈંગ્લીશ!

"બહેન! Please! તમે બહાર જતા રહો. તમારા કારણે અમારી વ્યવસ્થા ડહોળાય છે. આખું વાતાવરણ બગડે છે... તમને બે હાથ જોડું, અમને પરેશાન ન કરો..." મેનેજરે મેરીને બહાર નીકળી જવા માટે ધમકી ભરી વિનંતી કરી.

મેરીના આઘાત અને આશ્ચર્યનો કોઈ પાર ન હતો. એ જાણતી હતી કે આ એ જ મેનેજર હતો, આ એ જ હોટલ હતી, આ એ જ સ્ટાફ હતો...

છતાં શા માટે બધા જૂઠું બોલતા હતા... એમનો સ્વાર્થ શું હતો ? અમારી પાસે કશું વિશેષ છે જ નહિ... બીજું બધું તો ઠીક! પણ મમ્મીનું શું થયું હશે ? એ જીવતી હશે કે મરી ગઈ હશે ? કે આ બધાએ મારી નાંખી હશે ? છુપાડી દીધી હશે ? શા માટે...?

ઢગલાબંધ પ્રશ્નો વચ્ચે મેરી અટવાઈ ગઈ. માંડ માંડ ઉભી થઈ, પોતાનો સામાન પણ ત્યાંથી ગાયબ થઈ ગયો હતો. મેનેજર ઉપર છેલ્લી નજર નાંખી, આંખના ટપકતા આંસુઓથી જ વિનંતી કરી લીધી. ‘‘મેનેજર! આ નિરાધાર છોકરી ઉપર દયા કરો...’’ પણ આંસુઓની એ ભાષાની મેનેજર ઉપર કોઈ જ અસર ન થઈ.

ભારે પગલે મેરી હોટલની બહાર નીકળવા માટે ચાલી નીકળી. મેનેજર એની પીઠ તરફ જોઈ રહ્યો, કોઈને ખબર ન પડી, પણ એ સત્ય હકીકત હતી કે મેનેજર પણ રડી પડ્યો હતો, ખીસામાંથી રૂમાલ કાઢીને એણે આંખો લુંછી નાંખી... પોતાની લાગણીઓને દબાવી દીધી... પણ તો પછી એણે આવું કસાઈ જેવું વર્તન કેમ કર્યુ હશે ?

હોટલની બહાર નીકળી મેરી ફૂટપાથ પર રહેલા એક બાકડા ઉપર બેસી ગઈ, બે હાથમાં મસ્તક છુપાવી દઈ હીબકે હીબકે રોવા લાગી. ન બાપ, ન મા... બહુ થોડા જ મહીનાઓમાં સુખભરી દુનિયા સળગીને સાફ થઈ ગઈ.

‘‘બેટા ! કેમ રડે છે ?’’ ૬૫ વર્ષના એક વૃદ્ધ આદમીએ મેરીના મસ્તક પર વહાલથી હાથ મૂકીને અંતરની લાગણી સાથે વાર્તાલાપ ચાલુ કર્યો.

મેરીએ મસ્તક ઉંચે કર્યુ, સામે ઉભેલો માણસ વૃદ્ધ, સજ્જન, હેતાળ જણાતા એના મનને થોડીક રાહત થઈ, એ કરતા પણ વધુ રાહત એ વાતથી થઈ કે એ સજ્જને જે રીતે અંગ્રેજી ભાષા ઉચ્ચારી હતી, એનાથી મેરીને ખ્યાલ આવી ગયો કે ‘‘આ અંગ્રેજ છે, ફ્રેંચ નથી.’’

અત્યારે તો એને પોતાના દેશનો માણસ મળે, એ પણ મોટું આશ્વાસન હતુ.

‘‘શા માટે રડે છે ? દીકરી! તારા અંકલને નહિ કહે ? તને મેં રડતી

રડતી હોટલમાંથી નીકળતી જોઈ હતી, બાકડા પર હીબકા ભરતી જોઈ હતી, તારા મોઢા પરથી ખ્યાલ આવી ગયો કે તું અંગ્રેજ છે. મારા દેશની છે. એટલે તારા પર લાગણી ઉભરાઈ છે. દીકરી ! મારા પર વિશ્વાસ રાખ... જે હોય, તે મને કહે...''

અંગ્રેજ અંકલે અદ્‌ભુત દિલાસો આપ્યો, મેરીને તો જાણે રણમાં ગંગાનો પ્રવાહ મળ્યો. એણે અંકલને હિન્દુસ્તાનથી માંડીને અત્યાર સુધીની બધી વાત સિલસિલાબંધ કહી સંભળાવી.

અંગ્રેજ અંકલની આંખમાં પાણી આવી ગયા.

''જો દીકરી! હું પોતે લશ્કરમાંથી નિવૃત્ત થયેલો ઓફીસર છું. પણ આ ધરતી ફ્રાંસની છે. અહીં આપણે પહોંચી નહિ શકીએ. પોલીસને ફરિયાદ કરીએ, તો પણ આપણી પાસે પુરાવો શું ? પોલીસ તો એ હોટલવાળાની વાત જ સાચી માની લે ને...

તું હવે બધુ ભૂલી જા... મમ્મીને પણ ભૂલી જા... આ તારા અંકલને જ હવેથી તારા મા-બાપ સમજી લે. જો, હું એકલો છું. પત્ની મરી ગઈ છે. કોઈ સંતાન નથી. આજથી તું જ મારો દીકરો-દીકરી બધું જ! મારી બધી સંપત્તિ મારા બાદ તારી! બસ, ચાલ! હવે તારે મારી સાથે જ આપણા દેશમાં જ રહેવાનું છે.''

મેરીને ઘણી શાંતિ મળી. એણે અંકલનો પ્રસ્તાવ વધાવી લીધો. થોડાક જ દિવસોમાં અંકલ સાથે બ્રિટનની ધરતી પર પહોંચી ગઈ. સુંદર મજાના બંગલામાં નવા પાલક પિતા સાથે રહેવા લાગી. પિતાએ ઉંમર થતા એના લગ્ન પણ કરાવી દીધા. થોડાક વર્ષોમાં બે સોહામણા બાળકોની માતા પણ એ બની ગઈ. એક દિવસ પાલક પિતા પરલોક સિધાવ્યા, અને એમની તમામ સંપત્તિની માલિક મેરી બની ગઈ. અત્યંત સુખમય સંસાર પસાર થઈ રહ્યો છે... બાળકો પણ હવે એકંદરે મોટા થઈ ચૂક્યા છે.... જૂની વાતો ઉપર તો વિસ્મરણની ધૂળ એટલી બધી નંખાઈ ગઈ છે કે સ્વપ્નમાં પણ એ પ્રસંગો હવે યાદ આવતા નથી.

પણ

એક દિવસ

એ ધૂળ ખંખેરીને આખો ભૂતકાળ તાજો કરાવતો વિચિત્ર પ્રસંગ બની ગયો.

એક દિવસ વહેલી સવારે બંગલાના બગીચાના ઘાસ ઉપર ટેબલ-ખુરશી ગોઠવીને પતિ-પત્ની અને બે બાળકો ચા-નાસ્તો લેવા બેઠા... રોજની ટેવ પ્રમાણે મેરી ચા પીતા પીતા જ છાપું વાંચવા માંડી, અંદરના પાના ફેરવતા ફેરવતા એક જગ્યાએ એની નજર અટકી... એના હાથમાંથી ચાનો કપ ક્યારે પડી ગયો... એનું પણ એને ભાન ન રહ્યું. એ બાઘી જ બની ગઈ.

પતિ અને પુત્રોએ એને ઢંઢોળી, ત્યારે માંડ તંદ્રામાંથી બહાર નીકળી.

'શું થયું મેરી ?' પતિએ પુછ્યું...

એક પણ અક્ષર બોલ્યા વિના મેરીએ અંદરના એક લખાણ તરફ આંગળી ચીંધી.

પતિએ વાંચ્યુ.

"આજથી લગભગ વીસેક વર્ષ પહેલા ભારતથી એક અંગ્રેજ મા-દીકરી પેરીસની એક હોટલમાં જઈ ચડેલા, ત્યાંથી મમ્મી આશ્ચર્યજનક રીતે ગુમ થઈ ગઈ... એ સિલસિલાબંધ ઈતિહાસ હવે પછી આ કોલમમાં છાપવામાં આવશે.

આ સત્યઘટના અંગે જેને પણ રસ હોય, એ નીચેના ફોન નંબર ઉપર સંપર્ક કરી શકે છે."

પતિને આખી ઘટનાનો અંદાજ તો હતો જ, મેરીએ બધી વાત કરેલી. એ સમજી ગયો કે 'મેરીના હાથમાંથી કપ કેમ પડી ગયો ?' વીસ વર્ષ પૂર્વે ગેબી રીતે ગુમ થયેલી સગી માતા મારીઆની સ્મૃતિ આ લખાણથી એને થઈ આવેલી.

'મેરી! આ તો આનંદના સમાચાર છે. બોલ... હવે શું કરવું છે ?'

હવે મેરી જરાક સ્વસ્થ બની, આગળની કાર્યવાહી કરવા માટે એનું

મન દોડવા માંડ્યું. એણે નંબરના આધારે ત્યારે ને ત્યારે જ સંપર્ક સાધ્યો.

"હેલો! કોણ ? પેરીસથી બોલો છો ? આજે છાપામાં જાહેરાત તમે આપી છે ? મારે એ માટેની બધી વિગત તાત્કાલિક જોઈએ છે..." મેરી એકી શ્વાસે બોલતી રહી.

'તમે કોણ ?'

"હું ? હું એ ગુમ થયેલી મમ્મીની દીકરી! મેરી! તમે કોણ છો ? મેનેજર ?"

'હા! પણ એ મેનેજર નહિ, જે ૨૦ વર્ષ પહેલા તમને મળેલા...'

'તો ?'

"બહેન! મારી એક વિનંતી છે. તમે પેરીસ આવી શકશો ? મારે ઘણી વાતો કરવાની છે અને એક અમૂલ્ય ચીજ તમને આપવાની છે. જે તમારા મમ્મી છેલ્લે આપી ગયા હતા..."

'મમ્મી ક્યાં છે ?'

'તમે રૂબરૂ મળવા આવો. પછી બધી વાત કરું... ફોન પર આ બધી વાત થઈ શકે એમ નથી.'

'તો સાંભળો, હું વહેલમાં વહેલી તકે મારા પરિવાર સાથે પેરીસ આવું છું. તમે મારી રાહ જો જો. એ મેનેજરની માફક તમે મને દગો નહિ દેતા...' મેરી ચિલ્લાઈ.

'મેડમ! દગો એ મેનેજરે પણ નથી આપ્યો, કે હું પણ નહિ આપું.'

'એમ ? એ સજ્જન હતો એમ ?'

'હા! એ મારો સગો બાપ હતો... પણ ફરી કહું છું... ફોન પર હું તમને સંતોષ નહિ આપી શકું... Please! પેરીસ પધારો, હું આપની રાહ જોઈશ...' કહીને સામેથી મેનેજરે ફોન કટ કરી દીધો.

મેરીએ એ જ દિવસે આખા પરિવાર સાથે પેરીસની વાટ પકડી લીધી. એ ઉતાવળી, બહાવરી, ઉત્તેજિત, લાગણીશીલ, ઉત્સુક... બની ચૂકી હતી.

પેરીસની એ જ હોટલમાં પહોંચતાની સાથે જ એણે પ્રશ્નોની ઝડી ચાલુ કરી દીધી. "ક્યાં છે મારી મમ્મી ? શું છે એનો વીસ વર્ષનો ઈતિહાસ..."

"તમે જ મેડમ મેરી છો ? જેમનો ફોન આવેલો" મેનેજરે પુછ્યું.

"હા, હું જ છું. ક્યાં છે મમ્મી ?" જાણે કે બે-પાંચ દિવસ પહેલા જ ખોવાઈ ગયેલી મમ્મીને શોધતી હોય, એવી મુગ્ધ બાળકીની જેમ મેરી બોલી ઉઠી.

"ચાલો, તમારી મમ્મી સાથે ભેટો કરાવી દઉં." યુવાન મેનેજર બોલ્યો, અને ઉદાસ ચહેરે ઉભો થઈને હોટલની અંદરના ભાગ તરફ ચાલવા માંડ્યો. મેરીનો આખો પરિવાર એને અનુસર્યો.

હોટલની પાછળના ભાગમાં હોટલની જ જગ્યામાં બગીચા જેવું હતું, પાછળનું બારણું ખોલીને મેનેજર બગીચામાં આગળ વધ્યો. મેરી મુંઝાઈ "અહીં મારી મમ્મી ?" એ પણ પાછળ ધસડાઈ.

આગળ એક જગ્યાએ જઈ મેનેજર ઉભો રહ્યો, ત્યાં એક કબર હતી, ઉપર ક્રોસનું ચિહ્ન હતું. નીચે નામ લખેલું હતું. 'મારીઆ માઈકલ..' અને એના ઉપર તાજું ગુલાબનું પુષ્પ ચડાવેલું હતું.

મેનેજરે કશું બોલવું ન પડ્યું, મેરી બધું સમજી ગઈ, કબર પાસે ઢગલો થઈ પડી, માથું ટેકવીને ખૂબ જ રડી. ૨૦ વર્ષથી અંતરના કોઈક ખૂણામાં છુપાયેલો શોક આજે આંસુ વાટે બહાર વહી આવ્યો.

"મેડમ! ૨૦ વર્ષ આ ઘટનાને વીતી ગયા છે. એક પણ દિવસ એવો નથી ગયો કે અહીં આ કબર ઉપર પુષ્પ ચડાવવામાં ન આવ્યું હોય. પહેલા મારા ડેડી આ કામ કરતા હતા, એ પછી એ કામ હું કરું છું.

હવે જો તમે શાંત થાઓ, અંદર આવો... તો મારે તમને બધી જ વાત વિસ્તારથી કરવી છે. મારો ભાર હળવો કરવો છે. મારા મૃત્યુ પામેલા ડેડીને શાંતિ અપાવવી છે. પણ Please! માત્ર સાંભળજો, કશું પુછશો નહિ. મને બોલતા અટકાવશો નહિ, મારી ધારા તોડશો નહિ. મારી વાત પૂરી થયા બાદ જે પૂછવું હોય, તે ખુશીથી પુછજો..."

બધા હોટલમાં પાછા આવ્યા, એક રૂમમાં સૌ બેઠા, મેનેજરે સ્ટાફને જણાવી દીધું "એક-બે કલાક ગમે તે કામ માટે પણ મને યાદ કરશો નહિ..." અને બારણું બંધ કરીને મેનેજર ખુરશી પર બેઠો.

"વીસ વર્ષ પહેલા આ જ હોટલમાં તમારા મમ્મીને લઈને તમે આવ્યા, પપ્પાએ ડૉક્ટર બોલાવ્યા... ડૉક્ટરે તપાસ કરી, એ ચોંક્યા... કેમકે એમને પાકો અંદાજ આવી ગયો કે તમારા મમ્મીને પ્લેગ થયેલો છે. આજે પણ પ્લેગ ભયંકર ચેપી રોગ ગણાય છે. એ જો ફેલાય, તો હજારો-લાખો લોકોનો ભોગ લઈ લે. તો ૨૦ વર્ષ પહેલા તો એનો ભય હોય જ ને ?

ડૉક્ટરે તપાસ કરી, ત્યારે તમારા મમ્મી થોડીક જ મિનિટોના મહેમાન હતા. બીજી બાજુ પેરીસમાં આખા વિશ્વના આનંદ મેળાનું આયોજન થયેલું હોવાથી વિશ્વના તમામ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ પેરીસમાં ઉતરી રહ્યા હતા. સ્વાભાવિક છે કે આવા પ્રસંગના કારણે આખા વિશ્વમાં ફ્રાંસનો મહિમા વધવાનો જ.

હવે જો ભૂલે ચૂકે પણ એ વાત જાહેર થાય, કે પેરીસમાં પ્લેગનો એક કેસ નીકળ્યો છે, અને દર્દી મરી ગયો છે... તો ચારેબાજુ હો-હા મચી જાય. કોઈપણ રાષ્ટ્રના કોઈપણ પ્રતિનિધિ પેરીસમાં પગ ન મૂકે... આખો પ્રોગ્રામ રદ કરવો પડે. એ કરતા પણ ફ્રાંસનું નાક કપાય, એ સૌથી મોટું નુકસાન હતું.

અમે ફ્રેંચ નાગરિકો પૂરેપૂરા રાષ્ટ્રભક્ત ! રાષ્ટ્રનું નીચું દેખાય, એ અમારાથી સહન ન થાય. ડૉક્ટરને એટલો તો વિશ્વાસ હતો જ કે 'આ મૃતકને જો તરત જ દાટી દેવામાં આવશે, તો એનો ચેપ નહિ જ ફેલાય...'

પણ પ્લેગના ચેપ કરતાં ય અફવાઓનો ચેપ વધારે ભયંકર છે, અને એને અટકાવવાની તાકાત મેનેજરમાં કે ડૉક્ટરમાં કોઈનામાં ન હતી.

આ બધી જ વાત તમને કરવી કે નહિ ? એ પણ એ બંનેની મુંઝવણ હતી. કારણકે તમે અંગ્રેજ હતા, એક દીકરી હતા... તમે મમ્મીને બચાવવા માટે પ્રયત્ન કરવાના જ, એ માટે પ્લેગની દવાની જો શોધખોળ કરો, તો

નક્કી બધાને શંકા થાય કે કોઈકને પ્લેગ થયો છે...

આમાં થોડું પણ જોખમ લેવું એ બંને મુરબ્બીઓને ઉચિત ન લાગ્યું.

મેડમ ! એક વાત ધ્યાનમાં રાખજો, અમે માણસ છીએ, માનવતામાં માનીએ છીએ, પણ એ કરતા પણ વધુ અમે રાષ્ટ્રભક્તિમાં માનીએ છીએ.

વળી તમે જો મમ્મીનું મૃતક તરત દાટવા ન દો, બીજે લઈ જવાની જીદ કરો. અને એ બધામાં જો પ્લેગના જન્તુઓ ફેલાય તો ? તો હજારો માનવો મરે ને ? એટલે માનવતા ખાતર પણ બંને વડીલોએ નિષ્ઠુર બનીને એક નિર્ણય આંખના પલકારામાં લઈ લીધો.

તમને કોઈપણ બહાના હેઠળ એકાદ કલાક માટે ત્યાંથી દૂર હટાવવા...

એ એકાદ કલાકમાં જ મૃતદેહનું ઠેકાણું પાડી દેવું...

એ માટે જ એમણે તમારી સામે ભાષા બદલીને અંદર-અંદર વાત કરી લીધી. તમને દૂર કરવા માટે વિચિત્રકક્ષાની દવાઓ લખી આપી, જાણી જોઈને તમને જ દવા લેવા મોકલ્યા. તમારી વિનંતી હતી, એને પણ ઠુકરાવી દીધી. ડૉક્ટરને ખબર હતી કે અમુક દવાઓ મળતી જ નથી... એટલે એવી જ દવાઓ લખી આપી. તમે એને શોધવામાં એકાદ કલાક કાઢી નાંખો... અને આ બાજુ બધું ગોઠવાઈ જાય.

તમારા ગયા પછી ડૉક્ટરે મહામહેનતે તમારી મમ્મીને બે-ત્રણ મિનિટ માટે ભાનમાં લાવ્યા.

“તમારું મોત નજીક છે, કોઈ અંતિમ ઈચ્છા ?”

એમણે આજુબાજુ નજર કરી, કદાચ તમને ગોતતા હશે.

“તમારી દીકરી બહાર ગઈ છે, તમને મળી નહિ શકે... જે હોય તે બોલી દો...”

એમણે હાથના ઈશારાથી બેગ નજીક મંગાવી, અમે એ ખોલી... એમાં એક બાજુ એક પેક કરેલું બોક્સ હતું, એની સાથે એક કવર હતું...

“આ મારી દીકરીને આપી દેજો... કહેજો કે તારા મમ્મી-પપ્પાની આ

અંતિમ ભેટ છે. તારા માટે અને તારા ભાવી બાળકો માટે... સાથે પત્ર છે..." અને મારીઆએ માથું ઢાળી દીધું.

"એ બોક્સ લઈ લો, સંતાડી દો... પછી વાત! અત્યારે તાત્કાલિક આ મૃતકને દાટી દો..."

બે-ચાર માણસો દ્વારા હોટલની પાછળના ભાગમાં ખોદકામ કરાવીને તાત્કાલિક મૃતકને દાટી દેવામાં આવ્યું. સ્ટાફના માણસોને વિશ્વાસમાં લેવામાં આવ્યા.

તમને તો આ કશું જ જણાવવાનું જ ન હતું, એટલે તમે પાછા આવ્યા, ત્યારે બધાએ સાવ અજાણ્યા હોવાનો દેખાવ કરેલો.

મેડમ ! તમને હોટલમાંથી બહાર કાઢતી વખતે મારા પપ્પા ખૂબ રડ્યા હતા, આખરે એ એક માણસ હતા. તમને, સાવ નિર્દોષને આવી હાલતમાં મૂકી દેવા પાછળ એમને આઘાત તો લાગે જ ને ? પણ એ મજબૂર હતા. તમારા તરફ સીધી કે આડકતરી રીતે થોડીક પણ લાગણી બતાવવામાં એમને બધુ જાહેર થઈ જવાનો ભય રહ્યા કરતો હતો. એટલે દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ... એવી એમની હાલત હતી.

એમણે બધો સામાન છુપાવી દીધો હતો, એટલે કોઈ Proof પણ ન રહ્યું.

પ્રોગ્રામ પૂરો થયા બાદ એમને તમારા માટે ખૂબ જ પશ્ચાત્તાપ થયો,

પણ હવે તમને ગોતે ક્યાં ? ક્યા આધારે તપાસ કરે...

મારા પપ્પા ખૂબ જ લાગણીશીલ! એમને આ ડંખ કાયમ માટે રહી ગયો. હું મોટો થયો, ત્યારે ક્યારેક ક્યારેક એમને એકદમ વિચારમાં ડુબી ગયેલા જોઈને હું પુછતો કે "પપ્પા! કંઈક ચિંતામાં છો ?" પણ એ વાત ઉડાડી દેતા.

છેલ્લે એમની તબિયત બગડી, છેલ્લા દિવસો આવી ગયા. ત્યારે એક દિવસ મને બોલાવીને કહ્યું "દીકરા! મારા જીવનમાં મેં એક મોટું પાપ કરી નાંખ્યું છે. મારી ભાવના બિલકુલ ખરાબ ન હતી, પણ અજાણતા જ

મારાથી ખોટો નિર્ણય લેવાઈ ગયો છે... એક નિર્દોષ અનાથ છોકરીને મેં મારા નિમિત્તે ખૂબ જ દુઃખી કરી છે.''

અને એમણે બધી વાત મને જણાવી દીધી; છેલ્લે એ બોક્સ અને કવર મને આપ્યા. કહ્યું કે ''બેટા! તું ગમે તે રીતે એની ભાળ મેળવજે, અને એની મમ્મીની આ અંતિમઈચ્છા પૂરી કરજે. તો મારા આત્માને શાંતિ મળશે.''

અને પપ્પા મરી ગયા.

મેં જોયું કે ૨૦ વર્ષથી એમણે એ બોક્સ અને કવર જીવની જેમ સાચવ્યા હતા. એને ખોલ્યા પણ ન હતા. 'આના પર મારો હક નથી...' એવું એ સ્પષ્ટપણે માનતા હતા.

એમના પછી હોટલનો મેનેજર હું બન્યો.

મને એક વિચાર આવ્યો કે 'એ છોકરી અંગ્રેજ હતી અને ઈંગ્લેન્ડ જવાની હતી. શક્ય છે કે એ અત્યારે ઈંગ્લેન્ડમાં જ રહેતી હોય. અને કોઈપણ ભણેલા-ગણેલા માણસો છાંપુ તો વાંચતા જ હોય. તો ઈંગ્લેન્ડમાં જે છાપું સૌથી વધુ લોકપ્રિય હોય, એમાં આની જાહેરાત આપું... જો એ છોકરી જીવતી હશે, તો એના વાંચવામાં આવશે, તો એ મારો સંપર્ક કરશે. તો હું આ અંતિમ ભેટ આપી દઈને મારા પપ્પાના આત્માને શાંતિ આપી શકીશ.''

મેનેજરે એકધારી રીતે પોતાની વાત પૂર્ણ કરી...

મેરી, એનો પતિ બે મોટા બાળકો એકાગ્ર બનીને સાંભળી જ રહ્યા. હસવું-રડવું-ગુસ્સો કરવો - શાબાશી આપવી... શું કરવું ? કંઈ સૂઝ ન પડી. બધા સાચા હતા, સારા હતા... કોઈ કોઈને દુઃખી કરવા ઈચ્છતું ન હતું, પણ કુદરતે જ એવી પરિસ્થિતિ ઉભી કરી દીધી કે બધા એક-બીજાના નાના-મોટા દુઃખમાં નિમિત્ત બની ચૂક્યા.

'એ બોક્સ અને કવર મને આપશો ?' મેરીએ માંગણી કરી, એના માટે એ અમૂલ્ય ભેટ હતી, માતા-પિતાની અંતિમ અમાનત!

'ચોક્કસ! તમે આવવાના છો, એ સમાચાર મળ્યા બાદ મેં એ તૈયાર

જ રાખેલ છે. તમારી ઉત્કંઠા હું સમજી શકું છું.'

મેનેજર ઉભા થઈ નીચે ગયા, બે જ મિનિટમાં બોક્સ અને કવર લઈને પાછા ફર્યા. મેરીએ ઉત્કંઠા સાથે કવર ફોડ્યું, એમાં મમ્મીના હસ્તાક્ષરમાં એક પત્ર હતો.

એમાં લખ્યું હતું...

પ્યારી મેરી !

ઈ.સ.૧૮૫૭માં ભારતના લોકોએ આઝાદી માટે બળવો પોકાર્યો, એ બળવાને દાબી દેવા માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં રહેલા અમલદારોને આદેશ કર્યો. તારા પપ્પા માઈકલ પણ એ કામમાં જોડાયા. એમના ભાગે **'ઝાંસી'**માં ફાટી નીકળેલો બળવો દાબી દેવાનું કામ આવ્યું. મોટા અમલદારોની નીચે તારા પપ્પા એ યુદ્ધમાં ઝાંસીના સૈન્ય સામે વફાદારીપૂર્વક શૂરવીરતાભેર લડ્યા.

પણ એમને ખબર પડી કે 'ઝાંસીનો રાજા તો મરી ગયો છે, એની વિધવા **રાણી લક્ષ્મીબાઈ** પોતાના રાષ્ટ્રની સુરક્ષા માટે ખુમારીભેર લડી રહી છે. એ શરણે આવી જાય, તો કંપની તરફથી એને પુષ્કળ જલસા-પાણી મળે એમ છે. પણ પોતાના મોજ-શોખ-શાંતિ માટે એ રાષ્ટ્રદ્રોહ કરવા તૈયાર નથી.'

અને એક દિવસ માઈકલે યુદ્ધમાં ઘોડા પર બેસીને લક્ષ્મીબાઈને તલવાર ચલાવતી જોઈ.

માઈકલ એને જોઈ જ રહ્યો.

વાહ રે વાહ!

ભારતદેશની આ નારીમાં શું ખુમારી...

ભારતદેશની આ નારીમાં શું શૌર્ય...

ભારતદેશની આ નારીમાં શું સત્ત્વ...

એ જાણે સાક્ષાત કોઈક દેવીનો અવતાર હોય, એમ શોભતી હતી.

એમાં ય જ્યારે ખબર પડી કે પોતાના દત્તક પુત્રને એકલો ક્યાંય ન મુક્વા માટે યુદ્ધમાં પોતાની પીઠ પાછળ બાંધી દે છે, અને દુશ્મનો ઉપર વાઘણની જેમ તૂટી પડે છે... ત્યારે તો માઈકલ ઓવારી ગયો.

માઈકલ ભલે અંગ્રેજ સરકારને વફાદાર હતો, વફાદાર રહ્યો, એ રીતે જ લડ્યો. પણ એનું અંતર તો લક્ષ્મીબાઈને કરોડો વંદન કરતું હતું.

અંતે દગો રમાયો, લક્ષ્મીબાઈએ ના-છુટકે ભાગવું પડ્યું, અંગ્રેજોનો વિજય થયો. યુદ્ધ બાદ માઈકલ ઘરે આવ્યો. અવારનવાર મારી પાસે લક્ષ્મીબાઈના વખાણ કરતો, એ વખતે એમના ચહેરા પર અજબ-ગજબના ભાવો નિહાળવા મળતા.

મને માઈકલે કહેલું કે "આપણે મેરીને લક્ષ્મીબાઈ જેવી બનાવવી છે. ખુમારીસભર, સાત્વિક, નિર્ભીક, રાષ્ટ્રપ્રેમી..."

છેવટે એક દિવસ એ એક ચિત્ર લઈ આવ્યા. કદાચ એમણે જ તૈયાર કરાવેલું કે કોઈક પાસેથી ખરીદેલું. એ મને બતાવેલું.

"જો મારીઆ! આ છે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ! ઘોડા પર બેસીને, પુત્રને પીઠ પાછળ બાંધીને કેવી તલવાર ચલાવે છે... કેવી શોભે છે... બસ! આપણે મેરીને આ આદર્શ આપવો છે. એને ભણાવવું છે કે તું આવી બનજે. તારા બાળકોને આવા બનાવજે."

એ ફોટો મેં રાખી મુક્યો. બીજી બાજુ વાઘનો શિકાર કરવા જતાં તારા પપ્પા સ્વયં શિકાર બની ગયા. હું વિધવા બની.

મેરી ! અત્યારે આપણે ઈંગ્લેન્ડ જઈ તો રહ્યા છીએ, પણ મને લાગે છે કે હું પહોંચી નહિ શકું. કદાચ આ બધું તને કહી નહિ શકું... એટલે વહાણમાં બેઠા બેઠા જ આ લખી રહી છું. તારા પપ્પાએ આપેલો એ ફોટો મેં સાચવીને રાખ્યો છે. સાથે લઈ લીધો છે. બોક્ષમાં છે.

દીકરી!

તારી મમ્મી મરી જાય, તો પણ રડતી નહિ, ઢીલી પડતી નહિ, જાતને અનાથ માનતી નહિ, હતાશ-નિરાશ થતી નહિ...

બસ, તારા પપ્પાની અને મારી એક ઈચ્છા પૂરી કરજે.

બને, તો ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવી બનજે.

શૂરવીર! ખુમારીવંત! સાત્વિક!

તારા બાળકોને પણ એના જેવા બનાવજે. એની વાર્તા કરજે.

બાકી તો વિશ્વમાં કરોડો નારીઓ જન્મે છે, જીવે છે અને મરે છે... મારી જેવી એ નારીઓના જીવનની ઝાઝી કિંમત શું ?

અમારી અંતિમ ઈચ્છા પૂરી કરીશ ને ?

*લિ.* **તારી મમ્મી મારીઆ**

અષાઢી વાદળા બારે ખાંગે વરસવા માંડે, એમ મેરીના નેત્રો ચોધાર આંસુઓ સારવા માંડ્યા. મા-બાપની એ આદર્શભૂત ભાવનાઓનો વિચાર પણ એને રોમાંચિત કરી ગયો.

એ આખો પત્ર રડતા રડતા જ એણે પતિને અને બાળકોને વાંચી સંભળાવ્યો.

છેલ્લે પેલું બોક્ષ ભાવભીના હૈયે બહુમાનપૂર્વક ખોલ્યું.

એમાં ન હતા પૈસા!

એમાં ન હતા ઘરેણા!

એમાં ન હતા જાજરમાન વસ્ત્રો!

એમાં ન હતા કોઈ સરકારી કાગળીયા! સંપત્તિની માલિકી દર્શાવનારા!

એમાં હતો એક ફોટો!

માત્ર ને માત્ર એક ફોટો!

ઘોડા પર બેઠેલી,

ખુલ્લી તલવારે રણભૂમિમાં ઝઝૂમતી

શૌર્યવંતી

સાત્વિક

ખુમારીવંત

નારીનો!

નીચે નાનકડા અક્ષરે લખ્યું હતું

*"झांसी की रानी लक्ष्मीबाई !"*

(એક ગુજરાતી પુસ્તકમાં જ્યારે આ પ્રસંગ વાંચ્યો, ત્યારે મનને-આત્માને ખૂબ જ સ્પર્શી ગયો. તમને થશે કે આ ઘટનાનો વિરતિધરો માટે ઉપયોગ શું ?

મને લાગે છે કે આપણે જો કલ્પના કરીએ, દૃષ્ટિ વિરાટ બનાવીએ... તો આવી ઘટનાઓમાંથી આપણે ઘણું બધું મેળવી શકીએ એમ છીએ.

★ આપણું સંયમ, આપણો સ્વાધ્યાય, આપણો સ્વભાવ એવા દેદિપ્યમાન હોવા જોઈએ કે આપણા કહેવાતા વિરોધીઓ પણ એકવાર તો વિચાર કરતા થઈ જાય. એ વિરોધીઓ આપણા જ સંયમાદિને આદર્શભૂત માનતા થઈ જાય. જેમ એક અંગ્રેજ સૈનિક માઈકલ ભારતની નારીને આદર્શ માનતો થઈ ગયો... તેમ!

★ માણસની બહારની પ્રવૃત્તિ ખોટી-ખરાબ દેખાય, તો ય એટલા માત્રથી એને ખોટો-ખરાબ માની લેવાની ભૂલ ન કરવી. ઘણીવાર સાચા-સારા માણસો સાચા-સારા ભાવથી જ, સાચું-સારું કરવા માટે જ બહારથી ખોટું-ખરાબ કરતા હોય છે. પેલા ડૉક્ટર અને મેનેજરની જેમ!

★ વ્યક્તિ કરતા શાસન મહાન છે. શાસન માટે વ્યક્તિ પ્રત્યેના લાગણીના પ્રવાહમાં તણાઈ જઈને જેઓ વ્યક્તિને સાચવવા માટે શાસનનો ભોગ લે છે, તેઓ મહાપાપના ભાગીદાર બને છે. આ વસ્તુ મોઘમમાં લખી છે, સૂત્રસ્વરૂપે લખી છે, એની વૃત્તિ સમજવા માટે કોઈ ગંભીર સંવિગ્ન-ગીતાર્થ મહાત્માનું શરણું લેજો. જેમ ડૉક્ટરે અને મેનેજરે રાષ્ટ્રને ખાતર મેરી નામની વ્યક્તિ નિર્દોષ હોવા છતાં પણ એને ગૌણ કરી.

માનવતા કરતા રાષ્ટ્રરક્ષા મહાન !

વ્યક્તિ કરતા શાસન મહાન !

★ કોના ઉપર ક્યારે ક્યાંથી કેવી કેટલી આફત આવી પડે એની કલ્પના કરવી પણ અઘરી છે. એમાંય આ પંચમકાળમાં તો ઢગલાબંધ જીવો, ખુદ સંયમીઓ પણ અનેક પ્રકારે દુઃખો-સંકટોથી ઘેરાઈ ગયા હોય... એવી શક્યતા પાકી છે.

વૈશાખ માસના ભયંકર તાપમાં ખુલ્લા પગે બપોરે બે વાગે ખુલ્લા આકાશ નીચે કલાક ચાલીને આવેલાને રસ્તામાં ઘેઘૂર વડલો મળી જાય, તો જેમ પરમશાતાની અનુભૂતિ થાય. એમ આપણે પણ એ થાકેલા, હારેલા, કંટાળેલા, ત્રાસેલા, પીડાયેલા, દબાયેલા, મુંઝાયેલા, અટવાયેલા, સેંકડો-હજારો જીવો માટે ઘેઘૂર વડલા સમાન બનવાનું છે. બસ, સૌને મીઠાશ આપતા જ રહેવાની છે.

અનાથ બનેલી મેરીનો નાથ બનનાર પેલા અંગ્રેજ નિવૃત્ત અમલદારની જેમ !

★ વડીલો-ગુરુજનો આપણી પાસે શું ઈચ્છે છે ? એ જાણો. ખાનગીમાં એમને પૂછો. એમના હૈયામાં ઉતર-ચડ કરી રહેલા આપણા માટેના વિચારોને પકડી પાડો. અને પછી એમની તમન્નાઓને પૂર્ણ કરવા માટે મંડી પડો સખત પુરુષાર્થ કરવા!

વડીલોની- ગુરુજનોની એ રીતે મનની કૃપા-પ્રસન્નતા એ આપણા માટે પરલોક-પરમલોક માટેની ઘણી મોટી કમાણી થઈ પડશે.

પૂછો જાતને...

કદી વડીલોની ભાવના જાણવાનો ગંભીરતાથી પ્રયત્ન કર્યો છે ખરો ?

કદી એ જાણ્યા બાદ ગંભીરતાથી એ ભાવના પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે ખરો ?

મેરીને મા-બાપની અંતિમ ભેટ પામવાની કેવી તીવ્ર તમન્ના હતી!

★ સારી કે ખરાબ લાગણીઓ આત્મામાં વર્ષો સુધી કોઈક ખૂણામાં જીવતી રહેતી હોય છે. કારણવશ એ લાગણીઓ વર્ષો સુધી બહાર પ્રગટ

ન થાય, તો એટલા માત્રથી એવું માની ન લેવું કે એ બધું હવે નથી, હવે ખતમ થઈ ગયું...

એને યોગ્ય નિમિત્ત મળે, એટલે એ લાગણીઓ ફરી બહાર પ્રગટી જ જાય છે. એટલે ખરાબ લાગણીઓ (વિકારોની, ઈર્ષ્યાની, આસક્તિની, સ્વાર્થની...) બહાર ન દેખાય, તો પણ સાવધ રહેવું. એ તમને ક્યાંક ને ક્યાંક અટવાવી ન નાંખે.

જેમ ૨૦ વર્ષ બાદ મેરીના મનમાં પડેલી મમ્મી પ્રત્યેની કુણી લાગણીઓ નિમિત્ત મળતાની સાથે જ જાગ્રત થઈ ગઈ... (ભલે લૌકિક જગતમાં એ સારી હોય...)

આવી આવી તો ઘણી બાબતો આ કથામાંથી તમે મેળવી શકશો.

કથા સ્વયં એક મહાન તત્ત્વ છે.

મોટા મોટા તત્ત્વોને સિદ્ધ કરી આપવાનું કામ કથા કરે છે.

લાંબા ઉપદેશોથી જે ન સમજાય, એ સમજાવી આપવાનું કામ કથા કરે છે.

વૈરાગ્યભાવનો જન્મ-રક્ષણ-વર્ધન કરી આપવાનું કામ કથા કરે છે.

બાલ-યુવાન-વૃદ્ધ સૌને રુચિ ઉત્પન્ન કરવાનું કામ કથા કરે છે.

હા!

એ કથામાંથી રહસ્ય ખેંચી કાઢીને જીવનમાં ઉતારવાનું કામ ચોક્કસ કરવું જ રહ્યું.



# ...અને બે કમળો બીડાઈ ગયા.

'બહેન ! એક રાત વિસામો કરવા મળશે ? જે કહેશો, તે ભાડુ આપીશ.'

'આ વેશ્યાનું - ગણિકાનું ઘર છે, અહીં 'બહેન' શબ્દ ચાલતા નથી, પરદેશી ! હા ! તમારે રાત રોકાવું હોય, તો ખુશીથી રોકાવ. ક્યાંથી આવો છો ?' વેશ્યાએ મુસાફરને ઘરમાં પ્રવેશ આપતા આપતા પ્રશ્ન કર્યો.

'આવું છું તો **હિન્દુસ્તાન**થી...'

'એમ ? ભારતથી આવો છો ? અહીં **શ્રીલંકા**માં કોને મળવા આવ્યા છો ? સાવ અપરિચિત લાગો છો, માટે જ મારે ત્યાં આવી ચડ્યા, બરાબર ને ?' વેશ્યાએ છણકો કર્યો.

હા ! લંકામાં પહેલીવાર આવ્યો છું. અહીંના રાજદરબારના **કવિ કુમારદાસનું** નામ ભારતમાં સાંભળવા મળ્યું, એટલે ઈચ્છા થઈ કે લાવ, એકવાર મળી આવું. મારે એમની સાથે કોઈ પરિચય નથી. કોઈકે કહ્યું કે રાત્રિવિસામો અહીં વેશ્યાઓને ત્યાં થતો હોય છે... એટલે અહીં આવી ચડ્યો. સવારે રાજદરબાર ભરાશે, ત્યારે કુમારદાસને મળી લઈશ.'

'ભલે, ભલે ! લો આ તમારી રૂમ ! અંદર બધી વ્યવસ્થા છે, કામ હોય, તો જણાવશો. સવારે નવેક વાગે રાજસભા ભરાશે.' વેશ્યાએ અતિથિ સત્કાર એકંદરે સારો કર્યો.

'તમારું નામ શું ?' વેશ્યાએ પૂછ્યું.

**'કવિ, કાલિદાસ !'** આગન્તુકે પોતાની ઓળખાણ આપી.

હા ! આ એ જ ભારતનો પ્રસિદ્ધ કવિ કાલિદાસ !

**રઘુવંશ મહાકાવ્ય**નો રચયિતા મહાકવિ કાલિદાસ !

**ભોજરાજ**ના દરબારનું અણમોલરત્ન કાલિદાસ !

પોતાની જ ડાળી કાપીને નીચે પડનાર મુરખ કાલિમાંથી મહાકવિ બનેલ કાલિદાસ !

દૂર દૂર સુધી એમની પ્રસિદ્ધિ ફેલાયેલી. શ્રીલંકાનો **કવિ કુમારદાસ** માત્ર કાલિદાસની સાંભળવા મળેલી કૃતિઓ ઉપરથી આફરીન પોકારી ગયેલો. ક્ષેત્રના અંતરને કારણે પ્રત્યક્ષ તો મળી ન શક્યો, પણ પત્રો દ્વારા કાલિદાસની બેહદ પ્રશંસા કરી ચુકેલો. એના એ પ્રશંસાશબ્દોએ જ કાલિદાસને લંકા આવવા માટે પ્રેર્યો. ઈચ્છા થઈ આવી કાલિદાસને 'લાવ, મારા ચાહકને, પરમચાહકને મળું તો ખરો.'

અને એક દિવસ કાલિદાસ એકલો કોઈને કહ્યા વિના પોતાના પરમમિત્રને પ્રથમવાર ભેટવા નીકળી પડ્યો. ન મોકલ્યા કોઈ સમાચાર,... ભક્તને પરમ આનંદ આપવા ભગવાન અચાનક પહોંચી જાય, તેમ પહોંચી જવાની એકમાત્ર ભાવના !

થાકના કારણે કાલિદાસને ઉંઘ તો આવી ગઈ, પણ બે-ત્રણ કલાક બાદ અચાનક એની ઉંઘ ઉડી ગઈ. કાનમાં કંઈક ગણગણવાનો અવાજ સંભળાવા લાગ્યો. જરાક ધ્યાન આપ્યું તો ખ્યાલ આવ્યો કે બાજુની રૂમમાંથી વેશ્યાનો જ ગણગણવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો.

'બાપ રે ! આ વેશ્યા રાતે શેનો ગણગણાટ કરે છે ?' કાલિદાસ વિચારમાં પડ્યો. એણે પથારીમાં બેઠા થઈને શબ્દો ધ્યાનથી સાંભળવાનો પ્રયત્ન કર્યો, થોડીક જ વારમાં શબ્દો બરાબર પકડાઈ ગયા.

***कमले कमलोत्पत्तिः श्रूयते, न च दृश्यते ।***

મહાકવિ તો તરત સમજી ગયો કે 'આ તો અડધો શ્લોક છે, કદાચ રાજાએ સભામાં આ શ્લોક પુરવા માટે આપ્યો હશે.' ભોજ ઘણીવાર એવું કરતો જ... એટલે કાલિદાસ આવી બધી બાબતોથી ઘડાઈ ગયેલો હતો. એને માટે તો આ ચપટીનો ખેલ હતો.

'બહેન ! તમને મદદ કરું ?' કાલિદાસે બહાર નીકળી સીધો ધડાકો જ કર્યો. 'તમારે શ્લોક બેસાડવો છે ને ? રાજાએ અડધો શ્લોક આપ્યો છે

ને ? હું પૂરો કરી આપું ?'

વેશ્યા તો બાઘાની જેમ જોતી જ રહી. આખી સભામાં કોઈએ શ્લોક પૂરો કર્યો નહિ, અને રાજાએ નવલખા હારની ભેટ, શ્લોક પૂર્ણ કરી આપનારા માટે જાહેર કરી, એટલે જ પોતે-મહેનત કરી રહી હતી, પણ સફળતા મળતી ન હતી.

એ અડધા શ્લોકનો અર્થ હતો

*'કમળમાં કમળની ઉત્પત્તિ સંભળાય છે, પણ દેખાતી નથી.'*

કાલિદાસ વેશ્યાની મુંઝવણ પામી ગયો.

***बाले ! तव मुखाम्भोजे कथमीन्दिवरद्वयम् ॥***

*હે બાલા ! તારા મુખ રૂપી કમળમાં બે આંખો રૂપી બે કમળ ઉગ્યા જ છે ને ?*

વેશ્યા તો આભી જ બની ગઈ. વાહ રે વાહ ! આ મુસાફરે તો એક કમળમાં એક નહિ, બે કમળ ઉગાડી આપ્યા. શું કાવ્યરચના... વેશ્યા એકદમ ખુશ થઈ ગઈ, કાલિદાસનો આભાર માન્યો, કાલિદાસ તો પાછો પોતાના સ્થાને જઈને સુઈ ગયો.

પણ

વેશ્યા વિચારે ચડી.

'આ મુસાફર કુમારદાસને મળવા જ આવ્યો છે, આવતીકાલે રાજદરબારમાં આવશે જ, હું શ્લોક પૂરો કરી આપીશ, રાજા મને હાર આપશે, પણ આ મુસાફર કહેશે કે 'આ તો મેં જ શ્લોક પૂરો કરી આપ્યો છે... તો ?'

રાજા અમારા બંનેની પરીક્ષા કરવા બીજો કોઈ શ્લોક પૂછે, તો હું તો હારવાની જ. આ તો કોઈ મોટો કવિ લાગે છે...

તો મારો મોંઘેરો હાર જાય, મળનારી વિરાટ સંપત્તિ જાય...

શું કરવું ? આ મુસાફર રાજસભામાં જ જો ન આવે, તો મારું બધું કામ પૂરું થઈ જાય... પણ એ તો શી રીતે શક્ય બને ?...

અને વેશ્યાએ એક ઘાતકી યોજના બનાવી દીધી.

એક મોટો તીક્ષ્ણ છરો લઈને કાલિદાસના સ્થાને પહોંચી, ઘસઘસાટ ઉંઘતા કાલિદાસના ગળા ઉપર જોરથી છરો ફેરવી દઈ કાલિદાસનું ખૂન કર્યું. ચીસ પાડવા જેટલો અવસર પણ કાલિદાસ માટે બાકી ન રહ્યો.

ધડાધડ પોતાના ઘરમાં જ ખાડો ખોદીને કાલિદાસના શરીરના નાના-નાના ટુકડાઓ કરીને એમાં દાટી દીધા, ઉપર રાખ્યું કાલિદાસનું સોહામણું કપાયેલું મસ્તક ! ખાડો પાછો પૂરી દીધો અને વેશ્યાએ હાશકારો અનુભવ્યો.

બીજા દિવસે

રાજસભામાં રાજાએ રાજકાર્યો પત્યા બાદ પાછો પેલો શ્લોક યાદ કર્યો...

***''कमले कमलोत्पत्तिः श्रूयते, न च दृश्यते ।''*** બોલો, કોણ અર્ધોભાગ પૂરશે ?

બીજો કોઈ વચ્ચે ઘુસી ન જાય, એ માટે વેશ્યાએ તરત જ આંગળી ઉંચી કરી, રાજા આશ્ચર્ય તો પામ્યો, 'એક ગણિકા વળી કવિતામાં ક્યાંથી હોંશિયાર બની...'

***''राजन् ! तव मुखाम्भोजे कथमीन्दिवरद्वयम् ।''*** ગણિકા ગોખેલા શબ્દો ઉતાવળે બોલી ગઈ. રાજા તો ચમત્કાર પામ્યો. વાહ રે વાહ ! આ તો એક કમળમાં બે કમળ ઉગાડી દીધા.

'શાબાશ, ગણિકા ! લે, આ તારું ઈનામ...' રાજાએ નવલખો હાર કાઢી આપવા માંડ્યો.

'ઉભા રહેજો, રાજન ! ઉતાવળ ન કરતા. દાળમાં કંઈક કાળું છે.' વચ્ચે જ કુમારદાસે સખ્તાઈ સાથે રાજાને અટકાવ્યા. એ સભામાં રાજકવિ

તરીકે માન્ય પુરુષ હતા, લંકાનું નાક હતા, એટલે રાજા પણ એમને પરમ આદર આપતો.

'વેશ્યા ! આ શ્લોકની પૂર્તિ તેં નથી કરી. પણ મને લાગે છે કે મારા પરમ આરાધ્ય મહાકવિ કાલિદાસે કરી છે... આ છાંટ, આ શૈલિ એમની જ છે.'

'પણ કુમારદાસ ! એ તો ભારતના છે, એ અહીં ક્યાંથી ?' રાજા બોલ્યો.

'મહારાજ ! એટલે જ કહું છું કે દાળમાં કંઈક કાળું છે.' કુમારદાસને કંઈક મોટા અમંગળની આશંકા થવા લાગી, એનું ગળું રૂંધાવા લાગ્યું 'મહારાજ ! લંકાના માથે એક ઘોર કલંક ચોંટી ગયાના એંધાણ મને આવી રહ્યા છે. માનો યા ન માનો, પણ કાલિદાસ લંકામાં આવ્યા જ હોવા જોઈએ, આ શ્લોક એમણે જ પૂરો કર્યો હોવો જોઈએ. પણ...'

અને ધારદાર નજરે વેશ્યા સામે જોયું, એ ધ્રુજી ઉઠી, એ વેશ્યા હતી, પણ વર્ષોથી અનેક ખૂન કરનારી રીઢા ગુન્હેગાર જેવી ન હતી. ધરતી પર પછડાઈને એ રોવા લાગી, ત્યાં જ પોતાના પાપનો એકરાર કર્યો. કાલિદાસનું ખૂન કર્યાની વાત સ્વીકારી.

કુમારદાસના આઘાતનો પાર ન રહ્યો. 'મારા ગુરુતુલ્ય, મારા પરમારાધ્ય મને જ મળવા માટે આવેલા અને મારા નિમિત્તે જ એમની હત્યા થઈ. હે ભગવાન !'

કુમારદાસ દોડ્યો વેશ્યાને ત્યાં. પાછળ હજારોનું ટોળું ! પૂરી દેવામાં આવેલા ખાડા ઉપરથી થોડીક માટી કાઢી, ત્યાં તો કુંડલોથી શોભાયમાન, ભારતરત્ન મહાકવિ કાલિદાસનું કપાયેલું મસ્તક નજર સામે દેખાયું. કુમારદાસે ચીસ મૂકી, મસ્તકને હાથમાં લઈ ધ્રુસકે ધ્રુસકે રડ્યો શ્રીલંકાનો એ કવિ ! હજારો લોકો આ ભયાનક ઘટનાને આર્દ્ર નેત્રે જોઈ રહ્યા. 'શું આશ્વાસન આપવું કવિરત્નને !' એ ય કોઈને ન સુઝ્યું.

પણ કુમારદાસે દઢ સંકલ્પ કરી લીધો હતો, શ્રીલંકામાં કવિ

કાલિદાસના અગ્નિ સંસ્કારની સાથે સાથે જ પોતે જાતે જ પરમારાધ્યની સાથે જ જીવતા અગ્નિસ્નાન કરવાનો ! લંકાના પાપનું પ્રાયશ્ચિત્ત એ રીતે આચરવાનો !

અને એ સાંજે હજારો માણસોને રડતા મૂકી કુમારદાસ કાલિદાસના મસ્તકને ખોળામાં લઈને અગ્નિસ્નાન કરી ચૂક્યા.

કોઈકના મુખ પર ભલે બે કમળ ખીલ્યા હોય, પણ

આ ધરતીમાતાના મુખકમળ ઉપર તો બે સોહામણા કમળો કાયમ માટે બીડાઈ ગયા.

(ઘણું શીખવા જેવું છે નાનકડી ઘટનામાંથી...

અપેક્ષાઓ રાખશો, તો સંયમની મર્યાદાઓ મૂકીને પાપમાં પડશો.. વેશ્યાવત્

જો પરોક્ષ ઉપકારી પ્રત્યે પણ બહુમાનની પરાકાષ્ઠા, જીવતા અગ્નિસ્નાન... તો આપણે આપણા પ્રત્યક્ષ ઉપકારીઓ પ્રત્યે કેટલું બહુમાન રાખવું જોઈએ... કુમારદાસવત્

ગમે તે ક્ષણે ગમે તે પ્રસંગ માટે તૈયાર રહેજો, નહિ તો આઘાત-પ્રત્યાઘાતમાંથી જ બહાર નીકળી નહિ શકો... કલિદાસના અણધાર્યા મોતવત્....

***'નિયતિને સલામ'*** આ મારા પૂ. ગુરૂદેવશ્રીનું સૂત્ર આવા આવા પ્રસંગો વખતે ઘુંટાયા વિના રહેતું નથી.)

**॥ અર્હં નમઃ ॥**

**॥ નમોડસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥**

